TUESDAY
૦૯-૦૩-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા વદ ૧૧
અંક : ૧૩૦
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### મરાઠા અનામત મામલે સુપ્રિમે સુનાવણી દરમ્યાન તમામ રાજ્યોને નોટીસ પાઠવી જવાબ માંગ્યો

# સુપ્રિમ સવાલ : અનામતની મર્યાદા ૫૦%થી વધારી શકાય?

**મરાઠા અનામત પર સુનાવણી ૧૫ માર્ચ સુધી ટળી, અનામત મુદ્દે દરેક રાજ્યોને સાંભળવા જરૂરી, મરાઠા અનામત સાથે જોડાયેલા પાંચ જજની બેન્ચ ૧૮ માર્ચ સુધી સતત સુનાવણી કરશે**

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૮

શિક્ષણ અને નોકરીઓમાં મરાઠા સમુદાયને અનામત આપવા સંબંધિત મહારાષ્ટ્રના ૨૦૧૮ના કાયદાને લઈ દાખલ અરજી પર સોમવારથી સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે અનામતના મામલા પર તમામ રાજ્યોને સાંભળવા આવશ્યક છે. એવામાં સુપ્રીમ કોર્ટે તમામ રાજ્ય સરકારોને નોટિસ જાહેર કરી છે અને પૂછ્યું છે કે શું અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધારી શકાય છે? મરાઠા અનામત પર આ સુનાવણીને ૧૫ માર્ચ સુધી ટાળવામાં આવી છે.

ગયા વર્ષે ૯ ડિસેમ્બરે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મહારાષ્ટ્રના ૨૦૧૮ના કાયદા સાથે જોડાયેલા મુદ્દાઓ પર ત્વરિત સુનાવણી કરવી જરૂરી છે કારણ કે કાયદો સ્થગિત છે અને લોકો સુધી તેનો ફાયદો પહોંચી નથી રહ્યો. નોંધનીય છે કે નોકરીઓ અને એડમિશનમાં મરાઠા સમુદાયના લોકોને અનામત આપવા માટે



સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસઈબીસી) કાયદો ૨૦૧૮ને લાગુ કરવામાં આવ્યો હતો.

સોમવારે મામલાની સુનાવણી દરમિયાન વકીલ મુકુલ રોહતગીએ કહ્યું કે આ મામલામાં આર્ટિકલ ૩૪૨છની વ્યાખ્યા પણ સામેલ છે. એવામાં આ તમામ રાજ્યોને પ્રભાવિત કરી શકાય છે. તેથી એક અરજી દાખલ થઈ છે. તેમાં કોર્ટને તમામ રાજ્યોને સાંભળવા જોઈએ. મુકુલ રોહતગીએ કહ્યું કે તમામ રાજ્યોને સાંભળ્યા વગર આ મામલા પર નિર્ણય ન લઈ શકાય.

જસ્ટિસ અશોક ભૂષણની અધ્યક્ષતાવાળી પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે આ મામલાની સુનાવણી કરી રહી છે. આ બેન્ચમાં જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ, જસ્ટિસ એસ. અબ્દુલ નજીર, જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ એસ. રવિન્દ્ર ભટ પણ છે. આ પહેલાની સુનાવણીમાં બેન્ચે કહ્યું હતું કે તેઓ આ મુદ્દા ઉપર પણ દલીલો સાંભળશે કે ઈન્દિરા સાહની મામલામાં ઐતિહાસિક નિર્ણય જેને 'મંડલ ફૈસલા' નામથી ઓળખવામાં આવે છે તેની પર પુનઃ વિચાર કરવાની આવશ્યકતા છે કે નહીં.

નોંધનીય છે કે, મહારાષ્ટ્રમાં મરાઠાઓને અનામત આપવાની વાત લાંબા સમયથી ચાલી રહી છે. વર્ષ ૨૦૧૮માં રાજ્ય સરકારને શિક્ષણ-નોકરીમાં ૧૬ ટકા અનામત આપવાનો કાયદો બનાવવામાં આવ્યો છે. જોકે હાઈકોર્ટે તેમના એક આદેશમાં તેની સીમા ઘટાડી દીધી હતી.

પરંતુ જ્યારે કેસ સુપ્રીમ કોર્ટ પહોંચ્યો ત્યારે સુપ્રીમ કોર્ટે તેના પર પ્રતિબંધ લગાવી દીધો હતો. સુપ્રીમ કોર્ટે આ કેસ એક મોટી બેન્ચને સોંપી દીધો છે અને અલગ રીતે તેની સુનાવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## ગુજરાત તથા રાજસ્થાનના પૂર્વ રાજ્યપાલ અંશુમાન સિંહનું ૮૬ વર્ષની વયે નિધન

(જી.એન.એસ.)જયપુર,તા.૮

રાજસ્થાન અને ગુજરાતના રાજ્યપાલ રહી ચુકેલા અંશુમાન સિંહનું ૮૬ વર્ષની વયે નિધન થયું છે. તેમના નિધનના સમાચારથી રાજકીય ક્ષેત્ર અને તેમના શુભચિંતકોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ૮૬ વર્ષીય અંશુમાન સિંહએ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈંસ્ટિટ્યૂટ લખનઉ ખાતે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે પ્રયાગરાજ લઈ જવામાં આવ્યો હતો. અંશુમાન સિંહની તબિયત છેલ્લા કેટલાક દિવસોથી ખરાબ હતી. પૂર્વ રાજ્યપાલ અંશુમાન સિંહના નિધન પર આજે રાજસ્થાનમાં



એક દિવસીય શોક જાહેર કરવામાં આવ્યો છે. અંશુમાનસિંહ ગુજરાત અને રાજસ્થાનના પૂર્વ રાજ્યપાલ રહી ચૂક્યા છે. તથા રાજસ્થાન અને અલ્હાબાદ કોર્ટમાં જજ તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે.

## દિલ્હીમાં ઈઝરાયલી દૂતાવાસ પર થયેલ બ્લાસ્ટ પાછળ ઈરાનનો હાથ હોવાનો ખુલાસો

**ભારતીય શીયા મોડ્યૂલ દ્વારા બોમ્બ બનાવવામાં આવ્યો હતો**

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૮

જાન્યુઆરી મહિનાના અંતમાં નવી દિલ્હી ખાતે આવેલા ઈઝરાયલના દૂતાવાસ બહાર જે વિસ્ફોટ થયો હતો તેમાં ઈરાનનો હાથ હોવાનુ સામે આવ્યું છે. ભારત સાથેની દુશ્મનાવટના કારણે ઈરાને ખૂબ ચાલાકીપૂર્વક ભારતના લોકલ મોડ્યુઅલની મદદ લીધી હતી. બોમ્બ વિસ્ફોટની તપાસમાં જોડાયેલા



એનઆઈએ અને ઈઝરાયલની ગુપ્તચર એજન્સી મોસાદને મળેલા પુરાવાના આધારે આ જાણકારી સામે આવી છે.

તપાસ એજન્સીઓને એક પત્ર મળ્યો હતો જેમાં આ હુમલો બે ઈરાની નાગરિકોની હત્યાનો બદલો લેવા કરવામાં આવ્યો હોવાનું લખેલું હતું. ત્યાર બાદ તપાસ એજન્સીઓએ અનેક એન્ગલથી આ કેસની તપાસ શરૂ કરી દીધી હતી જેમાં ઈરાનની કુદ્સ ફોર્સે આ હુમલો કરાવ્યો હોવાનો ખુલાસો થયો હતો.

એક અહેવાલ પ્રમાણે બોમ્બ વિસ્ફોટ પાછળ ઈરાનની કુદ્સ ફોર્સનો હાથ હતો પરંતુ તે બોમ્બ એક સ્થાનિક ભારતીય શિયા મોડ્યુલે પ્લાન્ટ કર્યો હતો. એટલું જ નહીં, જાણી જોઈને એવા પુરાવા મુકવામાં આવ્યા હતા જેથી આ હુમલા પાછળ આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ (આઈએસઆઈએસ)નો હાથ હોવાની શંકા જાગે. આ યોજના અંતર્ગત જ અજાણ્યા સંગઠન જૈશ ઉલ હિંદે આ હુમલાની જવાબદારી પણ સ્વીકારી હતી.

## પંજાબ બજેટ-૨૦૨૧ : આંદોલનકારીઓને રીઝવવા ૧.૧૩ લાખ ખેડૂતોની લોન માફ

(જી.એન.એસ.)ચંડીગઢ,તા.૮

પંજાબ સરકારે બજેટમાં કર્મચારીઓ, ખેડૂતો અને મહિલાઓને ખુશ કરવાનો પ્રયાસ કર્યો છે. પંજાબ સરકારે બજેટમાં ૧.૧૩ લાખ ખેડૂતોનું ૧૧૮૬ કરોડ રૂપિયાનું દેવું માફ કરવાની જાહેરાત કરી છે. સાથે જ જમીનવિહોણા ખેડૂતોની વર્ષ ૨૦૨૧-૨૨માં ૫૨૬ કરોડ રૂપિયાની લોન માફ કરાશે.

બજેટમાં સરકારે મહિલાઓને પણ ભેટ આપી છે. મહિલાઓ માટે રાજ્ય સરકારે બસોમાં મફત યાત્રાની સુવિધા આપી છે. સાથે જ સરકારી કર્મચારીઓની માંગ પર ૧ જુલાઈથી છઠ્ઠું પગાર પંચ લાગુ થશે. પટિયાલાની સરકારી મેડિકલ કોલેજ માટે ૯૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જ્યારે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને સ્માર્ટફોન આપવા માટે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

ઉપરાંત વૃદ્ધ પેન્શન વધારીને ૧૫૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે. સ્વતંત્રતા સેનાનીઓનું પેન્શન વધારીને ૯૪૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે. જ્યારે ખેડૂતો માટે મફત વિજળી સબસિડી રૂપે ૭૧૮૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે. સરકારે ખેડૂતો માટે કામયાબ કિસાન, ખુશહાલ પંજાબ યોજનાની શરૂઆત કરી છે.




## સ્વિટ્ઝરલેન્ડમાં જાહેર સ્થળોએ બુરખા તથા માસ્ક પર પ્રતિબંધ : જનમત દ્વારા નિર્ણય

(જી.એન.એસ.)બર્ન,તા.૮

ફ્રાન્સ બાદ હવે બીજા એક યુરોપિયન દેશ સ્વિટ્ઝરલેન્ડમાં પણ મુસ્લિમ મહિલાઓના બુરખા પહેરવા પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યું છે. સ્વિટ્ઝરલેન્ડના ૫૧ ટકા લોકોએ બુરખા પર પ્રતિબંધ મૂકવાની તરફેણમાં મત આપ્યા છે. બુરખા પર પ્રતિબંધને લઈ મતદાન દરમિયાન જોરદાર ટક્કર જોવા મળી હતી. આ નિર્ણયનો સમર્થકો પ્રશંસા કરી રહ્યા છે અને તેને કટ્ટરવાદી ઈસ્લામની વિરુદ્ધ પગલું ગણાવી રહ્યા છે, તો તેના વિરોધીઓ તેને વંશીય ગણાવી રહ્યા છે.

સત્તાવાર આંકડા દર્શાવે છે કે ૫૧.૨૧ ટકા મતદારોએ બુરખા પર પ્રતિબંધ મૂકવાનું સમર્થન આપ્યું હતું



અને મોટાભાગના સંઘીય પ્રાંતોએ પ્રતિબંધને ટેકો આપ્યો હતો. કુલ ૧,૪૨૬,૯૯૨ મતદારોએ આ પ્રતિબંધને ટેકો આપ્યો હતો અને ૧,૩૫૯,૬૨૧ લોકો પ્રતિબંધની વિરુદ્ધ હતા. આ લોકમતમાં કુલ ૫૦.૮ ટકા લોકોએ મતદાન કર્યું હતું. આ જનમત સંગ્રહમાં લોકોને પૂછવામાં આવ્યું હતું કે શું જાહેર સ્થળો પર નકાબને પ્રતિબંધિત કરવો જોઈએ કે નહીં? હવે ૫૧.૨૧ ટકા લોકોએ બુરખા અને નકાબ પર પ્રતિબંધ મૂકવાની તરફેણમાં મતદાન કર્યું છે.

મહિનાઓ પહેલા સ્વિટઝરલેન્ડની સરકાર એક પ્રસ્તાવ લાવી હતી કે કોઈ પણ જાહેરમાં પોતાના ચહેરાને કવર કરશે નહીં, નહીં કે એવા ક્ષેત્રમાં કે જ્યાં સેવાઓ બધાને સમાન રીતે ઉપલબ્ધ હોય.

## કોરોના સંક્રમણમાં વધારો થતા આરંગાબાદમાં આંશિક લોકડાઉન

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૮

કોરોના વાયરસના કેસમાં વધારો જે અત્યાર સુધી મહારાષ્ટ્ર અને પંજાબ સુધી સિમિત હતો તે હવે અનેક રાજ્યોમાં જોવા મળી રહ્યો છે. કોરોનાના વધતા જોખમના કારણે મહારાષ્ટ્રના ઓરંગાબાદમાં ૧૧ માર્ચથી ૪ એપ્રિલ સુધી આંશિક લોકડાઉન લાગુ કરવામાં આવશે. આ દરમિયાન સવારે ૬ વાગ્યાથી રાતે ૯ વાગ્યા સુધી જીવન સામાન્ય રહેશે. પરંતુ ૯ વાગ્યા બાદ નાઈટ કરફ્યૂ લાગશે. જે સવારે ૬ વાગ્યા સુધી લાગુ રહેશે. આ સાથે જ શનિવાર અને રવિવારે સંપૂર્ણ લોકડાઉન લાગુ રહેશે. આ દરમિયાન ચિકિત્સા સેવાઓ, ઔદ્યોગિક ક્ષેત્રો અને મીડિયાને છૂટ અપાઈ છે. જ્યારે લગ્ન, ધાર્મિક સમારોહ, ખેલ, અને રાજનીતિક કાર્યક્રમો પર રોક રહેશે.

## ઈસરો દ્વારા ૨૮ માર્ચે લોન્ચ થશે જીઓઈમેઝિંગ સેટેલાઈટ

(જી.એન.એસ.)બેંગ્લુરુ,તા.૮

સરહદ પરની ગતિવિધિઓ પર બાજનજર રાખી શકાય તે દ્દષ્ટિએ ભારત ૨૮મી માર્ચે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છોડવા તૈયારી કરી રહ્યું છે. આંધ્ર પ્રદેશના નેલ્લોર જિલ્લામાં આવેલા શ્રીહરિકોટા સ્પેસપોર્ટથી જીએસએલવીએફ-૧૦ રોકેટ વડે સ્પેસમાં જીઆઈએસએટી-૧ છોડવામાં આવશે.

બેંગલૂરુમાં હેડકવાર્ટર ધરાવતા ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના એક અધિકારીએ કહ્યું કે 'હવામાન સાનુકૂળ હશે તો ૨૮મી માર્ચે જીઓઈમેઝિંગ સેટેલાઈટ લોન્ચ કરવાની અમારી યોજના છે.

રોકેટ અવકાશયાનને જિયોસિક્રોનસ ઓર્બિટમાં દાખલ કરશે અને તે પછી ઓનબોર્ડ પ્રોપ્લઝન સિસ્ટમની મદદથી સેટેલાઈટને પૃથ્વીના ઈવેકટરની ઉપર ૩૬૦૦૦ કિલોમીટર પર આવેલી જિયોસ્ટેશનરી ઓર્બિટમાં ગોઠવવામાં આવશે. આ અગાઉ પાંચમી માર્ચ ૨૦૨૦ની તારીખે જીઆઈએસએટી-૧ લોન્ચ કરવાની યોજના હતી, પણ ટેક્નિકલ કારણોને લઈને લોન્ચિંગ કરવામાં આવ્યું ન હતું.

ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસના એક અધિકારીએ કહ્યું કે 'ભારત માટે આ સેટેલાઈટ ગેમચેન્જર બની રહેશે. સેટેલાઈટના હાઈરિઝોલ્યુશન કેમેરાઓ દ્વારા ભારતીય સરહદ, દેશનો વિસ્તાર અને સમુદ્રો પર ચાંપતી નજર રાખી શકાશે.'

## બાટલા હાઉસ એકાઉન્ટરમાં સામેલ આતંકી આરીજ ખાન દોષી જાહેર

**આરિજ ખાન ૨૦૦૮માં દિલ્હી, જયપુર, અમદાવાદ અને યુપીની અદાલતોમાં થયેલા બોમ્બ વિસ્ફોટનો મુખ્ય આરોપી**

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૮

દિલ્હીની એક કોર્ટ ૨૦૦૮ના બાટલા હાઉસ એકાઉન્ટર કેસમાં સામેલ આતંકી આરિજ ખાનને દોષી જાહેર કર્યો છે. દિલ્હી કોર્ટે આ કેસમાં આરોપીને સજા આપવા માટે ૧૫ માર્ચે સુનવણી કરતા નિર્ણય લેશે. વર્ષ ૨૦૦૮માં દિલ્હીના બાટલા હાઉસ એકાઉન્ટરમાં દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલમાં ફરજ બજાવી રહેલા ઈન્સ્પેક્ટર મોહન ચંદ શર્મા આતંકીઓ દ્વારા ગોળી મારવાથી શહીદ થયા હતા. આ એક્કાઉન્ટરમાં અન્ય બે પોલીસ કર્મચારીઓ પણ ઈજાગ્રસ્ત થયા હતા.

બહુચર્ચિત બાટલા હાઉસ એકાઉન્ટર કેસમાં ૪૪ વર્ષના દિલ્હી સ્પેશ્યલ સેલના ઈન્સ્પેક્ટર મોહન ચંદ શર્માને ૧૯ સપ્ટેમ્બરે દક્ષિણ દિલ્હીના બાટલા હાઉસમાં સંતાયેલા પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ દરમિયાન ત્રણ ગોળી વાગી હતી. જે પછી સારવાર દરમિયાન તેઓ શહીદ થયા હતા. દિલ્હી કોર્ટે આરિજ ખાનને હત્યા, હત્યાનો પ્રયત્ન, સરકારી કર્મચારી પર હુમલો, સરકારી કામમાં અડચણ નાખવા, સરકારી કર્મીઓને ઈજા પહોંચાડવા, આર્મ્સ એક્ટ સહિત અન્ય આરોપોમાં દોષી જાહેર કર્યો હતો.

# લુણાવાડામાં મહીસાગર જિલ્લાનો સંસ્કૃત ભારતી જનપદનું દ્વિતીય જનપદ સંમેલન



ચક્રવાત ટીમ મહિસાગર, તા.૦૮

મહીસાગર જિલ્લામાં લુણાવાડાની ક્રિસ્ટલ સ્કૂલ મોડાસા રોડ ખાતે સંસ્કૃતભારતી મહિસાગર જનપદનુ દ્વિતીય ભવ્ય મહા સંમેલન યોજાયુ જે સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર માટે સંસ્કૃત ભાષા ઘેર-ઘેર પહોંચે તેમજ હાલની પરસ્થિતિ જોતા સંસ્કૃત ભાષા માત્ર યજ્ઞ અને હવન કુંડમાં જ રહી છે ત્યારે તમામ ભાષનુ મુળ સંસ્કૃત છે તેના થકી અન્ય ભાષ નો ઉદ્દભવ થયો છે ત્યારે તેનું વિશેષ યોગદાન રહ્યું છે ત્યારે તેનો બોહોળ પ્રચાર થાય તે હેતુ સર લુણાવાડા ક્ષેત્રે માં જનપદ કાર્ય કરી રહ્યું છે. ત્યારે જનપદ સંમેલનમાં મુખ્ય અતિથિ જીગ્નેશ ભાઈ સેવક ધારાસભ્ય લુણાવાડા, અતિથિ વિશેષ તરીકે આર.આર.ઠક્કર નિવાસી અધિક કલેક્ટર મહીસાગર, મુખ્ય વક્તા તરીકે ડો.નંદકિશોર મહેતા મંત્રી સંસ્કૃત બોર્ડ ગુજરાત, ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ડો. નરેશ વણઝારા જિલ્લા સંયોજક સંસ્કૃત ભારતી મહીસાગર, તથા જાગૃતિ બેન બારોટ મહીલા પ્રતિનિધિ, એ સંભાળ્યું હતું તેમજ ફૂલ છળી થી મુખ્ય અતિથિ તેમજ પધારેલ તમામ મહાનુંભાવોનું સ્વાગત કરી દીપપ્રગટય કરી કાર્યક્રમનું અયોજન કરવામા આવ્યુ હતું.

# મહિલા દિન નિમિત્તે I.C.D.S. વિભાગ દ્વારા વાંકાનેર આંગણવાડી કેન્દ્રો પર ઉજવણી



ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૮

I.C.D.S. વિભાગ દ્વારા વાંકાનેર શહેર અને તાલુકાની અલગ અલગ આંગણવાડી કેન્દ્ર પર મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વાંકાનેર શહેરમાં બે જગ્યાઓ અને વાંકાનેર તાલુકામાં એક જગ્યા પર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વાંકાનેર શહેરમાં પ્રથમ કાર્યક્રમ મિલપ્લોટની ત્રણેય આંગણવાડીઓનો સંયુક્ત રીતે અને બીજો કાર્યક્રમ કુંભારપરા-આરોગ્યનગર-આંબેડકરનગની આંગણવાડી ખાતે યોજાયો હતો જ્યારે તાલુકા કક્ષાએ દલડી ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમોમાં અલગ અલગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રંગોળી સ્પર્ધા, મેંદી સ્પર્ધા, હેર સ્ટાઈલ સ્પર્ધા, ડાન્સની સ્પર્ધા, અને ખાસ પોષણયુક્ત વાનગી સ્પર્ધાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

વાંકાનેર શહેર અને તાલુકા કક્ષાએ યોજાયેલા આ કાર્યક્રમોમાં I.C.D.S. વાંકાનેર ઘટક છ અને ૪ ના C.D.P.O. તૃપ્તિબેન કામલીયા અને મયુરીબેન ઉપાધ્યાયની, વાંકાનેર શહેરના સુપરવાઈસર ચાંદનીબેન વૈદ અને R.B.S.K. ના ડો. આશાબેન તથા પૂર્વીબેન, વાંકાનેર નગરપાલિકા વોર્ડ નંબર ૨ ના મહિલા કોર્પોરેટર જયશ્રીબેન અને કમળાબેન, વોર્ડ નંબર ૭ ના મહિલા કોર્પોરેટર રીટાબા રાઠોડ ખાસ હાજર રહ્યા હતા. ઉજવણી દરમ્યાન ઉપસ્થિત મહેમાનોના હસ્તે કેક કાપી વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ બહેનોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે દરેક આંગણવાડીના વર્કર અને હેલ્પર બહેનો એ જહેમત ઉઠાવી હતી.

# સાધુ સંતો અને જૂનાગઢ તંત્ર દ્વારા ભવનાથ મહાદેવ મંદિરે ધ્વજારોહણ બાદ શિવરાત્રી મેળાનો પ્રારંભ



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૮

ભજન, ભોજન, ભક્તિ નો મેળો એટલે શિવરાત્રી પરંતુ આ વર્ષે શિવરાત્રી માત્ર વિધિવત રીતે સાધુ સંતો માટે યોજાવા જઈ રહી છે. કોરોનાને કારણે સરકારે નિર્ણય લીધો છે કે ગિરનારમા જાહેર જનતાને પ્રવેશ નહિ અપાઈ. શિવમય બનવાનો અવસર એટલે શિવરાત્રીનો મેળો. ગુજરાતનાં મીની કુંભ મેળા સમાન અને ભવનાથ તર્થિ ક્ષેત્રમાં યોજાતા પરંપરાત શિવરાત્રીનાં મેળાનો મહા વદ નોમને સવારથી પ્રારંભ થઈ ગયો છે. સવારનાં સાધુ - સંતો, તંત્રની પ્રેરક ઉપસ્થિતીમાં ભવનાથ મહાદેવ મંદિરને ધ્વજા રોહણ અને પૂજન વિધી કરવામાં આવી હતી.

ધ્વજા રોહણ કર્યા બાદ દિગમ્બર સાધુઓ ધુણાઓ પોત પોતાના ધુનાઓ પ્રગટાવશે. દર વર્ષે માનવ મેદની વચ્ચે લાખોની સંખ્યા માં શ્રદ્ધાળુઓ આવતા હતા.અને હર હર મહાદેવનો નાદ થતો હતો.અને સાથે હરીહરની હાક સંભળાતી. પરંતુ આ વર્ષે કોરોના ની મહામારી વચ્ચે સરકાર ની ગાઈડ લાઈન મુજબ મેળો યોજાવા જઈ રહ્યો છે.

ભોજન, ભજન અને ભક્તિનો સમન્વય એટલે શિવરાત્રીનો મેળો. જૂનાગઢનાં ભવનાથમાં યોજાતા. ગિરનાર ક્ષેત્રનાં અધિષ્તા દેવ ભવનાથ મહાદેવ મંદિર ખાતે સવારનાં ધ્વજા રોહણ અને પુજન વિધી કરવામાં આવી હતી. જેમા ગિરનાર મંડળનાં વરિષ્ઠ સંતો હાજર રહ્યા હતા. મંત્રોચ્ચાર અને હર હર મહાદેવનાં જય ઘોષ સાથે ધ્વજા રોહણ સાથે ભવનાથમાં ૧૦૦ થી વધુ દિગમ્બર સાધુઓ ધુણામાં અગ્નિ પ્રગટાવી હતી. ભવનાથમાં ધુણા પ્રગટતા દિવ્ય વાતાવરણ બની ઉઠ્યું હતું.પોલિસ ના ચુસ્ત બંધોબસ્ત વચ્ચે લોકોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી અને કોરોના થી સંક્રમણ ના ફેલાઈ તે હેતુથી સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# સુરેન્દ્રનગરમાં મહિલા દિવસની ઉજવણી કરાઈ



ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૭

સુરેન્દ્રનગર જિલ્લા યુવા વિકાસ પરિષદ અને માનવ સેવા ઉત્થાન સમિતિ ના સયુંકત ઉપક્રમે 'વિશ્વ મહિલા દિવસ' ઉજવણી નિમિતે નારી ઉત્થાન, નારી સશક્તિકરણ અને મહિલા જન જાગૃતિ નો પરિસંવાદ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સ્ત્રી રોગ અને આંખ રોગ તપાસણી અને સારવાર અંગે નો નિઃશુલ્ક આરોગ્ય જન જાગૃતિ નો કેમ્પ નુ આયોજન માનવ ધર્મ આશ્રમ ખાતે ઝાલાવાડ ના સામાજિક કાર્યકર સુબોધ જોષી,મહાત્મા પ્રવીણા બાઈજી સાગરભાઈ ચામડીયા, સાહિર સોલંકી, છનાલાલ બજવાણીયા, કૈલાશબેન સોલંકી,ઉન્નતિ શાહ, અલ્પા પરમાર અને સોનિયા દવે દ્વારા યોજવામાં આવેલ હતું.

આ પ્રસંગે વિશ્વ મહિલા દિન ઉજવણી નિમિતે ઝાલાવાડ મા વિવિધ ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિ કરતા મુકેશભાઈ દવે તેમજ સુરેન્દ્રનગર -વઢવાણ -દુધરેજ નગર પાલિકા મા ચૂંટાઈ ને આવેલ નગરસેવક સ્મિતા બેન રાવલ, શિખા બેન કશ્યપ ભાઈ દવે, નીરવ અશ્વિનભાઈ દવે, જીગ્ના બેન પંડ્યા, લીલાબેન પાટડીયા અને દક્ષાબેન દલવાડી નુ સંસ્થા ના વડા સુબોધ જોષી અને પ્રવીણા બાઈજી દ્વારા શાલ અને પુષ્પ હાર થી સન્માનિત કરવા મા આવ્યા હતા.

વિશ્વ મહિલા દિન નિમિતે યોજેલ સ્ત્રી રોગ નિદાન અને સારવાર કેમ્પ મા સી. યુ. શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ના સ્ત્રી રોગ નિષ્ણાંત તબીબ બિન્દ્રા અને ઈશિતા ગઢવી એ ૮૦ જેટલાં દર્દીઓ ની તપાસણી કરી દવા વિતરણ કરવા મા આવી હતી. અને આંખ રોગ પરીક્ષણ કેમ્પ મા ઓફથેલમિક આસિસ્ટન્ટ બ્રિજેશ પટેલ અને ઉપાસના મેડમ દ્વારા ૭૦ જેટલાં દર્દીઓ ની આંખ તપાસી નંબર કાઢી આપ્યા હતા અને મોતિયા વાળા દર્દીઓ ને સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવા જણાવેલ હતું.અને જરૂરિયાત દર્દીઓ ને આઈ ડ્રોપ વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ ને સફળ બનાવવા ઝાલાવાડ ના સામાજિક કાર્યકર સુબોધ જોષી અને તેની ટીમ દ્વારા જહેમત ઉઠાવવા મા આવી હતી.

# જોડીયાના નેસડા પ્રા. શાળાની ગણિત-વિજ્ઞાન વિષયે સાપસીડીનું રાજ્યમાં પ્રથમ સ્થાને



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૭

જોડિયા તાલુકાના નેસડા પ્રાથમિક શાળાના શિક્ષક ધમસાણીયા રમેશચંદ્ર એસ. દ્વારા વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રુચિ વધે તે માટે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુંઓનાં ઉપયોગ કરી ગણિત વિજ્ઞાન વિષયને અનુરૂપ શૈક્ષણિક સાપસીડી બનાવી હતી. જેને સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન મળ્યું હતુ અને નેશનલ કક્ષા તા.૨૮ ફેબ્રુઆરી થી ૨ જી માર્ચ ૨૦૨૧ એ પ્રદર્શિત થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા આયોજિત પ્રથમ રાષ્ટ્રીય રમકડાં મેળો ૨૦૨૧ માં જામનગર જીલ્લા નાં જોડિયા તાલુકાની નેસડા પ્રાથમિક શાળા નાં શિક્ષક ધમસાણીયા રમેશચંદ્ર એસ દ્વારા નિર્મિત શૈક્ષણિક સાપસીડી સમગ્ર રાજયમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી નેસનલ કક્ષા એ પસંદ થતા નેસડા પ્રાથમિક શાળા સહીત જોડિયા તાલુકા તેમજ જામનગર જીલ્લા નું ગૌરવ વધાર્યું છે. આ રમકડું બનાવવા માં શાળાના શિક્ષક શ્રી યોગેશ ભેંસદડિયા નો ખૂબ સહકાર પ્રાપ્ત થયો હતો.આ રમકડું તાલુકા,જીલ્લા અને રાજય સ્તરે નિર્ણાયકો દ્વારા સમગ્ર માપદંડોમાં યોગ્ય સાબીત થતા રાષ્ટ્રીય રમકડાં મેળામાં રજુ થયુ હતુ.શાળાના શિક્ષક રમેશભાઈ એ ધો.૬ થી ૮ નાં ગણિત વિજ્ઞાન વિષયની અધ્યયન નીશ્પતિ સિદ્ધ થાય તેવી શૈક્ષણિક સાપસીડી બનાવેલ હતી. જેની રાષ્ટ્રીય રમકડાં મેળામાં પસંદગી થવા બદલ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગજેરા સાહેબ, બી.આર.સી.કોં ઓર્ડીનેટર આશિષભાઈ,સી.આર. સી કોં ઓર્ડીનેટર કનુભાઈ, એસ. એમ.સી. અધ્યક્ષ, ગામના સરપંચ તથા શાળાના આચાર્ય ભાવેશભાઈ પનારા તેમજ શાળાના શિક્ષક મિત્રો એ શુભેક્ષાઓ પાઠવી હતી.

# પ્રાચી ગાયત્રી પરિવાર દ્વારા હર હર ગંગે ઘર ઘર ગંગે કાર્યક્રમ યોજાયો



ચક્રવાત ટીમ પ્રાચી, તા.૦૮

૨૪ ઘરોમાં ગંગાજળ તથા દેવ સ્થાપન તથા સાહિત્યની સ્થાપના કરવામાં આવી. પ્રાચી ગાયત્રી પરિવાર દ્વારા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર આયોજિત હર હર ગંગે ઘર ઘર ગંગે હરિદ્વાર પહોંચ્યા આપના દ્વારે અંતર્ગત દિપ યજ્ઞ માધ્યમથી રામાપીર મંદિર ખાતે કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગાયત્રી પરિવારના વરિષ્ઠ હર્ષાબેન દ્વારા દિપ યજ્ઞનું સંચાલન કર્યું હતું તથા વિશેષ માહિતી આપી હતી જેમાં ગંગાજળ તથા દેવ સ્થાપન તથા કુંભમેળાના મહાત્મયપુસ્તક તથા ગાયત્રી ઉપાસના સંસ્કાર પુસ્તક વગેરે ની ૨૪ ઘરોમાં સ્થાપના કરાવવામાં આવી હતી જેમાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાયત્રી પરિવારના પરિજન ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.

# માત્ર ૮ વર્ષના શિવભગત દશનામી બાળકે ગાયુ શિવતાંડવ સ્તોત્રમ



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૮

દાદીમા જમકુંરબેનની પ્રેરણાથી લોકડાઉનના સમયનો સદઉપયોગ કરી તેમના પૌત્ર દેવગિરી ગોસ્વામી (ઉ.વ. ૮) એ સમગ્ર શિવતાંડવ સ્ત્રોતમ કે જેના ઉચ્ચારણ મોટી ઉમરના લોકો માટે પણ બોલવા અઘરા પડે તેને સ્વરબદ્ધ કરી ત્યાર કરેલ ઓડિયો તથા જાતે જ તેમાં અભિનય કરીને બનાવેલ વિડિયો આ શિવરાત્રી ઉપર યૂ ટ્યુબ ચેનલ પાયલ ઓડિયો પર રીલિઝ થવા જય રહ્યો છે. નવાય ની વાત તો એ છે કે આ સમગ્ર શિવ તાંડવ, મૃત્યુંજય મંત્ર, ગાયત્રી મંત્ર, બાર જ્યોર્તલિંગ, હનુમાન ચાલીસા વગેરે આ ૮ વરસ ની ઉમર ધરાવતા શિવ ભગત બાળક ને મોઢે (કંઠસ્થ) છે. જે અંગે પરિવાર, મોસાળ પક્ષ, કુટુંબ તથા સમગ્ર દશનામ જ્ઞાતિ ગૌરવની લાગણી અનુભવે છે.

# દીવમાં PWD નાં કર્મચારીનું આકસ્મીક મોત



ચક્રવાત ટીમ દીવ, તા.૦૮

કેન્દ્રશાસીત પ્રદેશ દીવમાઁ ઉદ્ઘ માં ફરજ બજાવતા ૪૧ વર્ષીય રાહુલ રાવલનું અગમ્ય કારણોસર મોત નિપજયુ, રમેશ રાવલ (નિવૃત શિક્ષક) નાં પુત્ર અને દીવના મહીલા પત્રકાર ભારતીબેન રાવલના પતિ રાહુલ રાવલનું આકસ્મિક મૃત્યુ થતાં પત્રકાર આલમમાં શોકનુ મોજુ છવાયુ, રવિવારે તેમની અંતિમ યાત્રામાં બહોળી સંખ્યામા લોકો જોડાયા.

# ટંકારામાં વિનામૂલ્યે ગૌમૂત્ર અર્ક મળશે



ચક્રવાત ટીમ ટંકારા, તા.૦૭

વાંકાનેરમાં આવેલ અંધ-અપંગ ગૌઆશ્રમ દ્વારા ગૌમૂત્ર-વરાળ (અર્ક) પાણી બનાવવામાં આવે છે. આ અર્ક ટંકારામાં દયાનંદ ચોક શિવ મોબાઈલ ખાતે (લાલાભાઈ ૯૯૧૩૫ ૩૩૧૮૫) તેમજ ટંકારામાં મેઈન બજારમાં શ્રી લક્ષ્મીનારાયણ કિરાણા સ્ટોર (ચનાભાઈ કટારીયા ૮૦૦૦૩ ૨૮૪૪૨) ખાતેથી પ્રાપ્ત થશે. આ અર્ક વિનામૂલ્યે આપવામાં આવે છે. જેનો ટંકારાવાસીઓ લાભ લે તેવો દુકાનદારો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ધ્રાંગધ્રામાં બ્લડ ડોનેટ કેમ્પમાં યુનિટી ઓફ યેગીસ્તાન ફાઉન્ડેશન કલબ દ્વારા બ્લડ ડોનેશન



ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૦૭

હાલના સમયમાં રક્તદાન એ મ્હાદાન ગણવામાં આવે છે ત્યારે યુનિટી ઓફ યેગીસ્તાન ફાઈન્ડેશન ધ્રાંગધ્રા દ્વારા બ્લડ ડોનેટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું સાથે સેવા પ્રથમ ધર્મના સુત્રોને આગળ લઈ જતાં યુનિટીના પ્રમુખશ્રી દ્વારા સંદેશ પણ આપવામાં આવ્યો હતો કે અમારી યેગીસ્તાન ફાઈન્ડેશન દ્વારા હમેંશા લોકહિત અને જનહિતના કાર્ય કરવામાં આવે છે અને જરૂરીયાત મદ લોકોને મદદ પણ કરવા માં આવે છે. આ બ્લડ ડોનેટ કરવા માં આવ્યું છે એ બ્લડ રેડ કોર્સ બ્લડ બેન્ક અમદાવાદને આપવામાં આવશે અને થેલેસમ્યા ના પીડિત દર્દીઓ ને અર્પણ કરવા. માં આવશે.

# અમદાવાદમાં છેલ્લા એક અઠવાડીયામાં ચાર મહિલા સહિત ૧૪નો આપઘાત

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૮

કોરોનાકાળ બાદ અમદાવાદમાં આપઘાતના કિસ્સાઓનું પ્રમાણ વધ્યું છે. ત્યારે પૂર્વ અમદાવાદમાં છેલ્લા પાંચ દિવસમાં ૧૪ લોકોએ કોઈને કોઈ કારણસર આપઘાત કરી લીધો છે. આ તમામ આપઘાત મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના મતે આપઘાતના કિસ્સામાં ડિપ્રેશન, ઘરકંકાશ, પ્રેમપ્રકરણ અને આર્થિક તંગી જવાબદાર હોય છે. છેલ્લા પાંચ દિવસની વાત કરીએ તો આપઘાત કરવામાં ૧૮-૪૫ વર્ષની વયના ૧૧ લોકોએ આપઘાત કર્યો છે. જ્યારે ૪૫-૬૦ વર્ષની વયનાં ૩ લોકોએ આપઘાત કર્યો છે. ગોમતીપુરમાં ૪૦ વર્ષીય રેખાબહેન બનોધાએ પતિની ખેંચની બીમારીથી કંટાળીને દસેક ગોળીઓ ખાઈ લીધી હતી. નિકોલમાં ૨૭ વર્ષીય રાકેશસિંગ તોમરે ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાધો હતો. ઓઢવમાં ૨૭ વર્ષીય ગોવિંદ ચૌહાણે, રામોલમાં ૨૦ વર્ષીય અન્નપુર્ણાબહેન બધિકે ૨૭મી ફેબ્રુઆરીએ ગળેફાંસો ખાધો હતો.

નારોલ વિસ્તારમાં ૪૫ વર્ષીય મિનિન્દ સોનારે ૨૭મી ફેબ્રુઆરીએ કોઈ કારણોસર એસિડ પી લીધું હતું. જ્યાં ૧ માર્ચે તેઓએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. સરદારનગરમાં ૬૦ વર્ષીય મોહન રાજગોરે ૨ માર્ચે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાધો હતો. વટવાની ૩૪ વર્ષીય પરવીનબાનુ શેખે ૧ માર્ચે રાત્રે પોતાના ધાબા પરથી પડતું મૂકી આપઘાત કર્યો હતો. કાગડાપીઠમાં ૨૨ વર્ષીય ભાવેશ રાઠોડે ધાબા પર લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાધો હતો. મેઘાણીનગરમાં સુમતીલાલ જૈને ૩ ફેબ્રુઆરીએ ઘરે પાણીની ટાંકીમાં ડૂબી જઈને આપઘાત કર્યો હતો. રામોલમાં ૩૧ વર્ષીય અનુપ કુમાર મિશ્રાએ ૨ માર્ચે ઘરેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. વટવાની ૨૦ વર્ષીય યાસીન શેખે ૨ માર્ચે ત્રીજા માળે છતના હૂકમાં દુપટ્ટો બાંધી આપઘાત કર્યો હતો. વટવા ઔંઢઝમાં ૧૮ વર્ષીય સુખારામ સોલંકીએ ૩ માર્ચે ગળેફાંસો ખાધો હતો.

# ઊનામાં દશમ્ મહારૂદ્ર યજ્ઞ ત્રણ દિવસ યોજાશે

ચક્રવાત ટીમ ઉના, તા.૦૮

ઉનામાં પુરાણ પ્રસિધ્ધ મોદેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભગીરથ શિવ પરીવાર મંડળ દ્વારા પ્રથમ મહારૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ આ મંડળ દ્વારા ઉના તાલુકાના ભક્તોના સહયોગથી દશમ્ મહારૂદ્ર યજ્ઞ તા.૧૭ થી ૧૯ માર્ચ ૨૦૨૧ બુધવાર, ગુરૂવાર તેમજ શુક્રવાર આમ ત્રણ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ મોદેશ્વર મહાદેવ મંદિર પાસે, રૂષિતોયા (મચ્છુન્દ્રી નદી) સરીતાના પટાંગણમાં યોજાશે.

આ મહારૂદ્ર યજ્ઞમાં બેસવા ઈચ્છતા ભક્તોએ પાટલાની નોંધણી કરવા ડાયાભાઈ બાંભણીયા, બચુભાઈ બાંભણીયા, જીતેદ્રભાઈ ત્રિવેદી, મગનભાઈ રાઠોડ, શૈલેષભાઈ શિંગડનો સંપર્ક કરવાનો રહેશ.

# સોમનાથમાં ગીર સોમનાથ મીડીયા દ્વારા આયોજીત શિવ કથાનો પ્રારંભ



ચક્રવાત ટીમ સોમનાથ, તા.૦૮

ડો મહાદેવ પ્રસાદ મહેતા (કાશી) સોમનાથ ટ્રસ્ટ ના દીલીપ ભાઈ ચાવડા વેજાણંદ ભાઈ વાળા દીપકભાઈ કકકડ જીતુપુરી બાપુ સહીત ના અગ્રણી ઓ ની ઉપસ્થિતિ માં થયેલ.

શ્રી સોમનાથ મહાદેવ ના સાનિધ્યમાં મહા શિવરાત્રી માં ડીકે ગૃપ ગીર સોમનાથ મીડીયા દ્વારા શિવરાત્રી ના પર્વ પર શિવ કથા નો પ્રારંભ કરાવ્યો હતો જેમાં કથા ની પોથી યાત્રા સાથે આજે કથા નો પ્રારંભ દીપ પ્રાગટ્ય કરી કેમ્પ નો પ્રારંભ કરાવ્યો જેમાં વક્તા પ.પૂજ્ય ડો મહાદેવ પ્રસાદ મહેતા (કાશી) સોમનાથ ટ્રસ્ટ ના એકસયુટીવ ઓફિસર દીલીપ ભાઈ ચાવડા વેજાણંદ ભાઈ વાળા દીપકભાઈ કકકડ જીતુપુરી બાપુ સહીત ના અગ્રણી ઓ ની ઉપસ્થિતિ માં થયેલ જેમાં પ્રથમ દીવસે જ વક્તા ડો મહાદેવ પ્રસાદ મહેતા દ્વારા શિવ વિષે પોતાના સ્વર કંઠે જણાવ્યું હતું.

# વાંકાનેર તાલુકાના કેરાળા નજીક ટ્રકે કારને ઠોકરે લેતાં કારને નુકશાન

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૮

વાંકાનેર તાલુકાના કેરાળા ગામ નજીક એક ટ્રક ચાલકે કારને ઠોકરે લેતાં અકસ્માત સર્જાયો હતો જેમાં ટ્રક ચાલકે અકસ્માત કરતા કારમાં નુકશાન થયું હોવાની ફરિયાદ નોંધાઈ છે. ગીર સોમનાથ જીલ્લાના સુત્રાપાડાના રહેવાસી ઓધડભાઈ કરશનભાઈ ડોડીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તે પોતાની કાર ય્ન ૧૧ છમ ૭૦૫૯ લઈને વાંકાનેરના કેરાળા ગામના બોર્ડ પાસેથી પસાર થતા હોય ત્યારે ટ્રક ઈન ૦૨ ય્મ ૬૦૪૪ ના ચાલક દિનમોહમ્મદ હમીદાખાન મેવ (રહે. રાજસ્થાન વાળા) એ ટ્રક પુર ઝડપે ચલાવી કારની જમણી સાઈડ દરવાજા સાથે અથડાવી નુકશાન કર્યું હતું. જે ફરિયાદ પરથી વાંકાનેર સીટી પોલીસે અકસ્માતના બનાવની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

# વેરાવળ ખાતે સમસ્ત ખારવા સમાજની વાડીમાં વિશ્વ માંગલ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૦૮

વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ જીતુભાઈ કુહાડા, જીએમબીના પુર્વ ડાયરેક્ટર કિશોરભાઈ કુહાડા, ગીર સોમનાથ જિલ્લા ભાજપનાં ઉપપ્રમુખ ધનસુખભાઈ કુહાડા ,પૂર્વ નગરપતિ ભાનુબેન કુહાડા દ્વારા વેરાવળ સમસ્ત ખારવા સમાજની વાડી ખાતે વિશ્વ માંગલ્ય સભાનુ આયોજન કરવામાં આવ્યું હતું આ સંસ્થા ભારત દેશના ૧૫ રાજ્યમાં કાર્યરત છે આ સંસ્થાનું મુખ્ય હેતુ ભારત દેશની તમામ માતાઓ શક્તિનું કેન્દ્ર બને અને આ સંસ્થા ઈજીજીના સર સંઘ સંચાલક મોહન ભાગવતજી સાથે સંકળાયેલી છે.

આ કાર્યક્રમમાં વિશ્વ માંગલ્ય સભાના રાષ્ટ્રીય મંત્રી કુ, પુજાબેન દેશમુખ, ગુજરાત રાજ્યના પ્રાંત સંસ્થાપક રાજુભાઈ માંડલિયા, ગુજરાત રાજ્યના જીલ્લાસંયોજક કુ, હેમા બેન માંડલિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યકર્મને સફળ બનાવવા માટે ભિડીયાના વિજયાબેન ચોરવાડી, હિરાબેન ડાલકી, હિરાબેન કુહાડા, ભાનુબેન તથા વેરાવળ સમસ્ત ખારવા સમાજ ની મહિલાઓ, અખિલ ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખ ગોપાલભાઈ ફોફંડી, ઈજીજીના કુમારભાઈ વોરા, હિરાભાઈ વધાવી, પૃથ્વીભાઈ ફોફંડી સહીતનાં ઉપસ્થિત રહી હતી.

# જામનગરમાં પુણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૮

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સ્વ. દિવ્યરાજસિહ જદુભા જાડેજા સ્મરણાર્થે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન મિત્રમંડળ તથા મનોકામના હનુમાનજી મંદિરના મહંત નરસીદાજી મહારાજના શુભ આશિષ તેમજ તેમના બાપુજી તેમજ કાકા અન્ય મિત્રોના સહકારથી મનોકામના આશ્રમ ખાતે બ્લડ ડોનેશન આયોજન કરવામાં આવ્યું છે જેમાં ખુબ બહોળી સંખ્યામાં મિત્ર વર્તુળોમાં ઝાલા જયેન્દ્ર સિંહ. એ.પી.એમ.સી.વાયસ ચેરમેન દિલીપસિંહ જાડેજા. પત્રકાર કરણસિંહ.હેલો સૌરાષ્ટ્ર તેમજદિવ્યા ભાસ્કર ના જયેશભાઈ ભટ્ટ.સંદેશ.ના સંજય ડાંગર.સહીત ના બહોળી સંખ્યામાં મહાનુભાવો હાજર રહ્યા હતા જામનગર.રાજકોટ. અને દુર દુર થી અસંખ્ય મિત્રો બ્લડ ડોનેશન કેમ્પ પધાર્યા છે આજે ધોધમાં રેકોર્ડ બ્રેક બ્લડ ડોનેશન થયું છે.

## તંત્રીસ્થાનેથી......

# શું આગામી દિવસોમાં પટ્રોલ-ડીઝલના મોંઘા ભાવોમાંથી રાહત મળશે?

ભારતમાં પહેલીવાર થયું છે કે અનેક શહેરોમાં પેટ્રોલની કિંમત પ્રતિલિટર ૧૦૦ રૂપિયાને પાર કરી ગઈ છે. જો આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડઓઈલના ભાવમાં જોવા મળતું વૃદ્ધિનું વલણ ચાલુ રહે તો આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલ હજુ વધુ મોંઘાં થઈ શકે છે. પેટ્રોલ ડીઝલની કિંમતો આકાશને આંબી રહી છે, ત્યારે વિરોધપક્ષો સતત સરકારની ટીકા પણ કરી રહ્યા છે. થોડા દિવસો પહેલાં કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સરકારે પેટ્રોલ અને ડીઝલ પરના વધારાના ટેક્સને તાત્કાલિક ધોરણે હઠાવી દેવા જોઈએ. તેનાથી કિંમતોને નીચે લાવવામાં મદદ મળશે. તેમણે કહ્યું કે મોદી સરકાર લોકો માટે સૌથી મોંઘી સરકાર રહી છે, જેણે લોકો ઉપર ભારે કરનો બોજો લાદ્યો છે. આ બધાની વચ્ચે સામાન્ય માણસ પરેશાન છે અને ખેડૂતો નાખુશ છે. એક્સાઈઝ ડ્યૂટી ઘટાડવા માટે મોદી સરકાર ઉપર દબાણ વધી રહ્યું છે. એવા અહેવાલો છે કે કેન્દ્ર સરકાર એક્સાઈઝ ડ્યૂટીમાં થોડો ઘટાડો કરવાનો વિચાર કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ માટે હજુ સુધી નાણાં અને તેલ મંત્રાલય વચ્ચે સહમતી બની નથી. પરંતુ જો સરકાર પણ એક્સાઈઝ ડ્યૂટીમાં થોડો ઘટાડો કરી નાખે, તેમ છતાં બીજી તરફ આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડઓઈલના ભાવમાં સતત વધારો થતો રહે (જેની પૂરેપૂરી સંભાવના છે) તો ભારતના ગ્રાહકોને વધારે રાહત નહીં મળે. આગામી કેટલાક અઠવાડિયાં અને મહિનાઓમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધ-ઘટ થઈ શકે છે, પરંતુ નિષ્ણાતોનું કહેવું છે કે આગામી સમયમાં તેમાં મોટો ઉછાળો આવી શકે છે.



યાકુબ બાદી
તંત્રી

આજકાલ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડઓઈલનો ભાવ પ્રતિબેરલ ૬૬-૬૭ ડોલરની આજુબાજુ છે. કેન્દ્ર સરકાર તેલની કિંમતોને નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના આર્થિક બાબતોના રાષ્ટ્રીય પ્રવક્તા ગોપાલ કૃષ્ણ અગ્રવાલના મતે સરકારના હાથ બંધાયેલા છે. એકંદરે સરકારના રેવન્યૂ કલેક્શન (આવક)માં ૧૪.૫ ટકાનો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન સરકારના ખર્ચમાં ૩૪.૫ ટકાનો વધારો થયો છે. આમ છતાં સરકારે ટેક્સમાં વધારો કર્યો નથી. તેના કારણે નાણાંકીય ખાધ ૯.૫ ટકા થઈ ગઈ છે. કુલ સ્થાનિક ઉત્પાદનના ૮૭ ટકા જેટલું આંતરિક દેવું છે. તેથી મને કેન્દ્ર સરકાર તરફથી કોઈ રાહતની સંભાવના દેખાતી નથી. રાજ્ય સરકારે રાહત આપવી જોઈએ. પરંતુ જો કેન્દ્ર સરકારના હાથ બંધાયેલા હોય તો રાજ્ય સરકારો પણ મજબૂર છે. પેટ્રોલ-ડીઝલમાંથી થતી આવકમાં કેન્દ્ર સરકારનો હિસ્સો સૌથી વધુ છે. દરેક ૧૦૦ રુપિયાના પેટ્રોલ-ડીઝલમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના વેરા અને એજન્ટના કમિશનનો ઉમેરો કરીએ તો ૬૫ રૂપિયા થાય છે, જેમાંથી ૩૭ રૂપિયા કેન્દ્રને મળે છે અને ૨૩ રૂપિયા પર રાજ્ય સરકારોનો હક છે. લોકડાઉન દરમિયાન જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમત બેરલદીઠ ૨૦ ડોલર સુધી પહોંચી ગઈ હતી, ત્યારે લોકોને અપેક્ષા હતી કે પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ઘટાડો આવશે, પરંતુ તેઓ સતત વધતા રહ્યા છે અને હજુ પણ વધતાં રહેશે તેવો અંદાજ નિષ્ણાતો લગાવી રહ્યા છે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




### પ્રકરણ ૮૪

સુતરફેણી રંગલો એવા હરિભાઈ સાથે મારી સવારી બેકસ્ટેજમાં પહોંચી. છેલ્લા એકાદ વર્ષથી હું કલાની દુનિયાના પરિચયમાં આવેલો. ગામડે કાનગોપી, ભવાઈ અને રામામંડળ કે ક્યારેક લેવાતાં ઉભા કીર્તન સિવાય કશું જોયું નહોતું. એમાંય નાટકનું બેકસ્ટેજ કે કહેવતો ગ્રીનરૂમ આજે પહેલીવાર નજરે જોયા. મારા માટે આ સાવ નવો અનુભવ હતો. હરિભાઈ એ મને બેકસ્ટેજમાં છુટ્ટો મૂકી દીધો અને પોતે પાત્રની તૈયારીમાં અને ભાઈબધું હારે નાટકની તૈયારીમાં લાગી ગયા. હું અને મારો કેમેરો એકલા પડી ફરીથી કામે લાગ્યા.

રંગલાએ સાચું જ કહેલું...બુઢાપો આજે ફરી જુવાની જીવવા નીકળ્યો હતો. જુના પટારામાંથી નીકળી રહેલા પોશાકમાં ફરીથી ઈતિહાસ પડદા પર જીવંત થવાનો હતો. આ ઐતિહાસિક નાટકોમાં સ્ત્રીઓના પાત્રો પણ પુરુષો જ ભજવતાં. રંગલાના કહેવા મુજબ એ સહુથી અઘરો અભિનય ગણાતો.

એકબાજુ સ્ટેજ સજી રહ્યું હતું. બીજી બાજુ લાઈટિંગ પોતાનું ફોકસ અનેકલરનું સેટિંગ કરી રહી હતી. ડાયલોગના રિહર્સલને મળતી દાદની વાહ વાહીના પડઘા પણ સંભળાઈ રહ્યા હતાં. મેકઅપ મેન પાત્રોના ચહેરાને ચીવટથી સજાવી રહ્યો હતો. એક પછી એક પાત્રો પોતાનો વેશ ધારણ કરી રહ્યા હતાં. ક્યાંય બીડીના ધુમાડાના ગોટા હવામાં બનતાં હતાં તો ક્યાંક હથેળીમાં ઠપકી મારીને ચોળાતું તમાકુ, બે હાથ વચ્ચે ઘસવામાં કોટો ચડાવવા ઘસાઈ રહેલી ફાકી. દરેક કલાકાર આજે જાણે જિંદગીનું છેલ્લું નાટક ભજવવાનો હોય એમ પાત્રસજ્જ થઈ રહ્યો હતો. નાટકના એક યુગનો આજે અસ્ત થવાનો હતો.

નાટક શરૂ થવાને હજુ બે કલાકની વાર હતી. રંગલો વચ્ચે વચ્ચે મારી પાસે આવીને મારું મનોરંજન કરી મારા હાલચાલ પૂછી જતો. અહી બેકસ્ટેજ વ્યવસ્થા સાથે અમુક યુવાન છોકરાઓ પણ સંકળાયેલા હતા. ગળામાં લટકતું 'ફ્રીડમ બોક્સ' નું મીડિયા કાર્ડ જોઈને મને માનની નજરે જોવા લાગ્યા. પોતાની ટીમે તૈયાર કરેલ નાટકને 'ફ્રીડમ બોક્સ' ના સ્ટેજ પર રજૂ કરવા દેવાની પરમિશન મેળવી દેવાની વિનંતી કરવા લાગ્યા. મેં બનતી મદદ કરવાની ખાતરી આપી.

હું તૈયાર થઈને બેઠેલા પાત્રો સાથે વાતે વળગ્યો. તેમને પણ આજ જોતું હતું. કોઈક સાંભળવા વાળું. તેઓ ખુલવા માંડ્યા. મારી નજર સામે તે બધા પોતાનો ભૂતકાળ સજીવન કરવા લાગ્યા. એમને મળતી સુવિધાઓ, વેઠેલી અગવડતાઓ, એમની ગરીબી,લાચારી,ખુમારી,સમાધાનવૃત્તિ, ભાઈસબ કહી સ્વીકારેલી ગુલામી, ક્યારેય વટે વાત ચડતાં ખુમારીથી લડેલી લડાઈ કે નાટક જગતના રાજકારણથી હું સારી રીતે પરિચિત થયો. એના અસ્તાચળ તરફ આગળ વધી રહેલાં યુગના કારણો પણ આપ્યા. એમાંથી એક કલાકારે બોલેલું વાક્ય આજે પણ મગજમાં ઘૂમ્યા કરે છે.'નાટક એ મોંઘો શોખ છે. જે કલાને પારખી જાણનાર ભાવકને જ પોસાય.'

★ ★
★ ★ ★

આખરે સાડા નવે પડદો ઉચકાયો. પહેલું નાટક જોગીદાસ ખુમાણ અને બીજું નાટક પૃથ્વીરાજ રજૂ થયું. ઓડિયન્સ સમી સાંજનું ગોઠવાઈ ગયું હતું. સ્ટેજની બંને હું પડદા પાસે સ્ટેજના એક ખૂણે ઉભો રહી સ્ટેજ અને બેકસ્ટેજ બંનેનો લાભ લઈ રહ્યો હતો. નાટકનું વીડિયો રેકોર્ડિંગ ચાલુ હતું. આ કલાકારોનો અભિનય જોઈને હું દંગ બની ગયો. એમની હલક, બોલવાની છટા,બોડી લેંગ્વેજથી લઈને ચહેરા,આંખોઅને ખામોશી પાસેથી લેવાતું કામ, કેટલાંક ડાયલોગ પર ઓડિયન્સની તાલીઓનો ગડગડાટ અવિરત ચાલુ રહેતો એમાંથી ઉઠતી વાહવાહની પોકારો કે ક્યારેક કોઈ કલાકારની એન્ટ્રી પર વાગતી સિટીઓનો શોર જાણે શમવાનું નામ નહોતો લેતો.

અંતે બે નાટક પુરા થયા. કલાકના ચા અને નાસ્તાના વિરામ બાદ આજનું અંતિમ અને જેને જોવા માટે લોકો લાંબી સફર ખેડીને આવ્યા હતાં. એ સફર આ નાટક માટે નહીં પરંતુ એમાં અભિનય કરનારા કલાકરો માટે હતી. એ નાટક હતું. 'ભૂચર મોરી'.....આશરા ધરમની વિરગાથા. બધા તૈયારી અંતિમ તબક્કામાં હતી. ઓડિયન્સ ફરી ગોઠવાઈ ગયું હતું. કોઈની આંખોમાં ઉંઘનું નામોનિશાન નહોતું. બધા પડદો ખુલવાની વાટ જોતાં અંદરોઅંદર ચર્ચા અને હસી મજાકની મહેફિલ જમાવીને બેઠા હતાં.

ત્યાં રંગલો મારી પાસે આવીને બોલ્યો. "કાનજી પટેલ, તને ખબર છે. મારો દીકરાને એવેન્જરના પિક્ચર્સ બહુ ગમે. એ ઘણીવાર કહેતો હોય. પાપા, ભલે આ સિરીઝ ગમે એટલી આગળ ચાલે પણ જે ચાર્મ, આર્યનમેન, કેપ્ટન અમેરિકા,બ્લેકવિડો હલ્ક કે થોરનો હતો એહવે જોવા નહી મળે. થેનોસની એન્ડગેમ સાથે એ યુગનો ચાર્મ પણ યાદોમાં સમેટાઈ જશે. અમારી પેઢીની પણ એના જેવું જ છે."

"પણ તમારા લગ્ન ક્યાં થયા છે ?" મેં નવાઈ પામી તેમને પૂછ્યું.

"એ તો રંગલાના લગ્ન નથી થયા. હરિભાઈ તો તારા કરતાં મોટા દીકરા અને દીકરીનો બાપ છે. રંગલો કુંવારો હોય ત્યાં સુધી જ જીવતો કે'વાય. જે દી કોઈ નાટકને ખોળે બેસી ગ્યો તે દી એની અંદરનો કલાકાર ખતમ સમજવો. પણ જે દી પાત્રને હંમેશાં માટે ખોળિયું ખાલી કરવું પડે તે દી દીકરી સાસરે જાય એવું દુઃખ થાય." તેમની અંદરનો રંગલો આજે પુરબહારમાં ખીલી ઉઠ્યો હતો.

"હું બહુ નસીબદાર છું ...યોગાનુયોગ કે અનાયાસે એવી ઘટનાનો સાક્ષી બનતો જાવ છું કે જેનો યુગ હંમેશા માટે અસ્ત થઈ જવાનો હોય. આજે પણ આપણે કેવી રીતે મળ્યા ? કલાકાર ક્યારેય ના મરે. હરિભાઈ. તમે આજે આપેલી ભેટ મને હંમેશા યાદ રહેશે." હું ઈમોશનલ થઈ રહ્યો હતો.

"હજુ મારી ભેટ સમુ નાટક તો બાકી જ છે. કલાકાર બનવાની હરિભાઈએ ના પાડેલી. કારણ એને લગ્ન પછી ઘણીવાર પાણી પીને ભૂખ્યા પેટે સુઈ જઈને દી કાઢેલા છે. બાકી રંગલો તો આજીવન એ જ કહેશે. તક મળે તો ગમે એવો કલાકાર બની લેવું. એક જ લાઈફમાં અનેક જિંદગી જીવવા મળી રહેશે. કલાકારી એ આપણો વાસરો સાચવવાની જવાબદારી છે એમાં હરિભાઈ જેવા બે - ચાર રંગલાના સામાન્ય જિંદગીની બલિદાનથી એ કલા સચવાતી હોય તો એ કિંમત બહુ મામૂલી છે. ચાલ નાટક પૂરું થાય પછી મળીએ દોસ્ત." હરિભાઈ બોલ્યાં.

" આ આપણી આજની છેલ્લી મુલાકાત હશે. નાટક પૂરું થાય પછી હું તમને નહીં મળું. મારે આ પિક્ચરને અધૂરું રાખવું છે. તમે ભલે કહો પણ આનો ધ એન્ડ થવાને હજુ એકાદ બે વર્ષની વાર લાગશે. ત્યારે હું તમને ફરી મળીશ. એવું મારું દિલ કહે છે. હું નથી કહેતો એ સાચું જ હશે. પણ જો આપણી કહાની સાવ અચાનક અને સ્પેશ્યલ રીતે શરૂ થઈ તો અંત પણ ખાસ હશે." મેં બોલીને તેમની સામે જોયું.

આજે રંગલો પોતાની લાગણીના ભાવો છુપાવી ના એની આંખોમાં હરખ અને દુઃખ બને દેખાઈ આવતાં હતાં. રંગલો અભિનયની ભૂલભુલામણીમાં ભૂલો પડી માણસ બનવાની ભૂલ કરી બેઠો હતો. મેં બેકસ્ટેજમાં તમામ કલાકારોનો એક ગ્રુપ ફોટો લીધો. ત્યારબાદ અમે બંને જાણે હંમેશા માટે છુટા પડી રહ્યા હોય એમ ભેટી પડ્યા. એમના આલિંગનમાં 'જાદુની જપ્પી' જેવું સુકૂન હતું. અમે પાછા મળવાના વચન સાથે છુટા પડ્યા.

આખરે થોડી આભરવિધિ અને નાટક સાથે જોડાયેલી વાતોની વાર્તા પછી પડદો ખુલ્યો. હજુ જેને મુછના દોરા ફૂટી રહ્યા છે એવો મારા જેવા આટીયાળી પાઘડી પહેરેલાં જુવાન પર સ્પોટલાઈટ સ્થિર થઈ. એક ગગનભેદી શંખનાદ સાથે રંગમંચ ગર્જી ઉઠ્યું. એ ચારણી જુવાનની જીભે સાક્ષાત સરસ્વતીએ પધરામણી કરી હોય શબ્દો વહેવા લાગ્યા. એ શબ્દોની તાકાતથી ભૂચરમોરીનું 'સમરાંગણ' રંગમંચ પર જીવંત કરી રહ્યો હતો. એ નાટકનો સૂત્રધાર હતો.

સંગીતઅને લાઈટિંગની માનવીય કલાકારી અને અભિનયની કુદરતીન કલાકારીએ મળીને ઈતિહાસની એક શોર્યગાથાને ઉજાગર કરવાની શરૂઆત કરી દીધી હતી. અભિનયના તેજથી સ્ટેજ રીતસર ઝળહળી હોય એવું લાગતું હતું. અનેક પાત્રો સાથે આટલા વિશાળ ફલક પર પથરાયેલી આ ઘટનાને સ્ટેજ પર સજીવન કરવી એ લોઢાના ચણા ચાવવા જેવું કામ હતું. એ ચેલેન્જ પણ આજ વિસ્તારના એક નવજુવાને ઉપડેલી.

સ્ટેજ પર જામ સતાજી, જામ અજાજી મુઝફ્ફર ત્રીજો, મિર્ઝા અઝીઝ કોકા, મહેરામણ, જૂનાગઢનોનવાબ દોલત ખાન ઘોરી, રા ખેંગાર, લોમા ખુમાણ, રાવ ભારમલજી, વસાજી પરમાર, ઓખાના વાઢેરો, નાગા સાધુઓ......... જેવા કેટલાય પાત્રોની અભિનય કલાનું સ્ટેજ સાક્ષી બન્યું. એમના અભિનયનો તિખારો, સાવજ જેવી ત્રાડું, રુંવાડા ઉભા કરી દે એવું સંગીત અને લાઈટિંગની મદદથી જાણે જાણે રણનું મેદાન સાક્ષાત નજર સામે ખડું થયું હતું.

કેટલાક દ્રશ્યો ઉપર હું આફરીન પોકારી ગયો હતો. એમાં શરણાગતિ માટેની વાટાઘાટ, ક્ષત્રિય ધર્મની વચન કેધર્મની વાત હોય, દોસ્ત માટે ફના થઈ જવા ૧૪ પુત્રો સાથે પધારેલા મહેરામણજી કે પછી મીરજા અઝીઝ કોકાની શેતાની, દોસ્તોની દગાખોરી, નાગા સાધુઓની ફનાગિરી, લગ્નમંડપમાંથી વીર યોદ્ધા સાથે નીકળેલા જામ અજાજી અને છેલ્લે કલાયમેક્સમાં હાથી પર બેઠેલા અઝીઝ કોકા પર અજાજીનો વાર...આહા... આફરીન મારી આંખો હજુ એ દ્રશ્ય પર જ ચોંટી રહી હતી.

મારી પાસે વ્યક્ત કરવા માટે શબ્દો નહોતા. હું વિરરસનો પ્યાલો પી ને અવાચક થઈ ગયો હતો. એક માણસના આશરા માટે દિલ્હીની ગાદી સામે બાથ ભીડવાની ખુમારી. કેવો યુગ હશે એ. ઓડિયન્સમાં પબ્લિકને હું રિએક્શન આપવું એ સમજાતું નહોતું. અમુક હરખથી ચોધાર આંસુએ રડી રહ્યા હતાં. કેટલીય બાયુએ જાણે સામૂહિક પોંક મૂકી હતી. જામસાહેબના વારસદારોની આંખો ભીની થઈ ગઈ હતી.

સાગર કહેતો. "કોઈ ઘટનાને તમારે આજીવન યાદગીરીરૂપે સાચવવી હોય તો એના અંત પછી તરત નીકળી જવું. જ્યારે ખાવાનું મનગમતું હોય અને થોડા ભૂખ્યા રહો એની મજા જેવું આ હોય." હું પણ આજે રડી પડ્યો હતો.

મારા પ્રદેશનો ભૂતકાળ આવો અદભુત વારસો સાચવીને બેઠો હતો. આવી શૂરવીરતા અને પાળિયાની વાતું તો દરેક રજવાડે પથરાયેલી હતી.આપણે એના પર ગર્વ લેવો કે ભૂલોમાંથી બોધપાઠ લેવો ? આ વારસાને અકબન્ધ રાખવાની આપણી જવાબદારી હતી. મને પણ આ બધું સાચવી દુનિયાને દેખડવાનું શૂરાતન ચડ્યું હતું.

સૂરજનું પ્રથમ કિરણ મારા ચહેરાને રતુંબડું બનાવી રહ્યું હતું. એમાં શૂરાતનથી ચડેલા સવા શેર લોહીની લાલાશ પણ તરી આવતી હતી. મેં કૈક કરી દેખાડવાના જોમ સાથે રાજકોટ તરફ પ્રયાણ કર્યું.

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૮-૦૯-૨૦૨૧, મંગળવાર, મહા વદ-૧૧, સૂર્યોદય-૬-૩૮, સૂર્યાસ્ત-૬-૨૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરાષાઢા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.) :- જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

» વૃષભ (બ.વ.ઉ.) :- સટ્ટાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.

» મિથુન (ક.છ.ઘ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

» કર્ક (ડ.હ.) :- નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

» સિંહ (મ.ટ.) :- પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.

» કન્યા (પ.ઠ.ણ.) :- જમીન, વાહન, મકાનના યોગ બને. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

» તુલા (ર.ત.) :- પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

» વૃશ્ચિક (ન.ય.) :- કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

» ધન (ભ.ધ.ફ.ઢ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

» મકર (ખ.જ.) :- રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.

» કુંભ (ગ.શ.સ.) :- નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

» મીન (દ.ચ.ઝ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

# વાદથી વિખવાદ અને લોકકલ્યાણના ભોગે જાતી વિકાસની કટ્ટર રાજનીતિ



રાજ પ્રજાપતિ
બ્રહ્માસ્ત્ર

ગુજરાત સતત વિકાસ કરી રહ્યાનું સતાધીશ રાજકારણીઓ ગુણગાન ગાઈ રહ્યા છે આ વિકાસ લોકકલ્યાણના ભોગે જાતીવાદી વિકાસ થઈ રહ્યો છે એ નિર્વિવાદ હકીકત છે તેના ઉપર કોઈ ચિંતન કરવામાં આવતુ નથી,

લોક કલ્યાણમાં જનતાનો કરવેરો વપરાય તો વિકાસ શકય નથી તેથી લોક કલ્યાણની સેવાઓ એક પછી એક બંધ કરીને વિકાસ આગળ વધી રહ્યો છે મુડીવાદની સફળતા માટે સમાજવાદને ખત્મ કરવામાં આવ્યો છે, સમાજવાદના ભોગે જાતીવાદ લાદી દેવામાં આવ્યો છે,

દેશ અને ગુજરાતનું આગામી દશકાનું ભવિષ્ય કેવું હશે ? જાતીવાદ પરાકાષ્ઠાએ હશે, ખાનગીકરણને કારણે સમરસ સમાજ વ્યવસ્થાનો અંત આવી ચુકયો હશે, ન્યાય તંત્ર સતાધીશોને આધિન બની ચુકયુ હશે, સતાધીશો અને મુડીપતિઓ જનતાનું શોષણ કરવાના કાયદાઓ અમલ કરતા હશે,

વાસ્તવમાં સમાજ વ્યવસ્થાનો પાયો શિક્ષણ છે સંસ્કાર અને બુનિયાદી કેળવણી વિના સમાજ સમતોલ રહી શકે નહી, આગામી દશકામાં શિક્ષણનું પુર્ણ ખાનગીકરણ થઈ ચુકયુ હશે જેથી ગરીબ અને મધ્યમ વર્ગની પ્રજા શિક્ષણથી વંચિત રહેશે, શિક્ષણના વેપારથી મળતું ફકત ધંધાદારી ભણતર મુડીવાદને પોષતુ જશે, મુડીવાદ માનવતાનો શત્રુ છે,

દેશમાં પ્રતિદિન નાગરીક સ્વતંત્રતા ખત્મ થઈ રહી છે રાજનીતિનું અપરાધિકરણ થઈ ચુકયુ છે તેવા સમયે ગુજરાત ભવિષ્યમાં દેશનું સૌથી વધુ ભયાનક રાજય બની શકે છે,

ગુનાહિત પ્રવૃત્તિઓને રક્ષણ આપતા કાયદાઓ અને મુડીવાદી જાતીવાદથી અનેક વિખવાદોમાં ફસાતું ગુજરાત વિકાસની ઓઢણી ઓઢીને વિનાશ તરફ ધકેલાય રહ્યુ છે કારણ કે વાદથી વિખવાદનું રાજકારણ સમર્થ ગુનેગારો માટે લાલજાજમ બીછાવી રહ્યું છે,

બળાત્કાર, અપહરણ, હત્યાનો સતત વધારો થતો જાય છે તેની સાથે પોલીસ અને ન્યાયતંત્ર શાસકોની નીતિને કારણે ફરીયાદીને રક્ષણ આપવાને બદલે ગુનેગારોને નિર્દોષ કરવામાં વધુ દુર ઉપયોગ થતો જાય છે,

મુડીવાદ, જાતીવાદને પરીણામે સમૃદ્ધ જાતીનું સરમુખત્યાર શાસન આર્થિક પછાત પ્રજાને વધુને વધુ પીસીને તેલ કાઢશે, એમાં શંકાને સ્થાન નથી, રક્ષણનો ધર્મ પાળનારા ભક્ષણ કરતા થયા છે, સામાન્ય માણસને પોલીસ અને અદાલતોનો ડર લાગે છે, ફરીયાદી આરોપી બની જાય છે તેથી લોકો રાજકીય ગુનેગારોથી બચવા ફરીયાદ કરવાનું ટાળશે,

ગુજરાતમાં જે રીતે એક જાતીની જાતીવાદની ખતરનાક રાજનીતિ ચાલી રહી છે તેના પરીણામે નજીકના ભવિષ્યમાં સમાજ આંતરિક શેરી યુદ્ધમાં હોમાતું જશે,

શિક્ષણ અને આરોગ્ય સેવાઓના વ્યાપારીકરણ અને ભ્રષ્ટાચારને સમર્થન આપતી જાતીવાદી રાજય સરકાર સાર્વજનીક સેવાઓ બંધ કરીને રાજયના પ્રશાસનનું મહતમ ખાનગીકરણ કરીને લોકકલ્યાણના ભોગે વિકાસ કરી રહી છે આ વિકાસ સરવાળે સમગ્ર જનસમાજને એક ભયાનક સ્થિતિમાં ધકેલી દેશે,

લોકશાહીની સ્વતંત્રતાથી મળેલી વૈધાનિક સતાઓનો સૌથી વધુ ગુનાહિત દુરુપયોગ ગુજરાતની સરકારમાં ચાલી રહ્યો છે, જેના પરીણામે થોડા જાતીવાદી શાસકો વિશાળ જનસમુદાયને પીસતા રહેશે,

શિક્ષણ, આરોગ્યના ખાનગીકરણની સાથે સરકારી તંત્રનું પરોક્ષ ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે રસ્તાઓનું ખાનગીકરણ, સરકારી સેવાઓનુ ખાનગીકરણ, સરકારી મિલ્કતોનું ખાનગીકરણ, વિજળી, પાણી, વાહનવ્યવહાર, સહિત એક પછી એક તમામ જનસેવાઓ જાતીવાદના મુડીવાદીઓને હસ્તાતરણ કરવામાં આવી રહ્યું છે,

પ્રજાના કરવેરાની મુડીથી સરકારી લોક વ્યવસ્થા નિર્માણ કરીને તૈયાર સંપતિ ૩૦ થી ૯૦ વર્ષ માટે મુડીપતિઓને મફત નફો કરવા આપી દેવામાં આવે છે, તમામ સુવિધાઓ, મિલ્કતો પ્રજાના પૈસે નિર્માણ કરીને પછી ખાનગીકરણ કરવામાં આવે છે પ્રજાની જાહેર સંપતિઓ અને સેવાઓનું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે તે સંપતિ એકમાત્ર જાતીવાદ આધારિત આપવામાં આવી રહ્યુ છે, ખેતી, ઉદ્યોગ, શિક્ષણ, વ્યાપાર, રાજયસતા, સહિત આવક ઉત્પાર્જનના એક પછી એક માધ્યમો અને વ્યવસ્થાઓ એકમાત્ર જાતીને હસ્તાંતરણ કરવામાં આવી રહ્યું છે, સમગ્ર વ્યવસ્થા સાર્વજનીક સંપતિઓ છે છતાં પણ જાતીવાદ માટે બીજા સમાજોમાં વિખવાદ કરીને રાજયની સતાઓ, સંપતિઓ, સંચાલન એકમાત્ર જાતી હસ્તગત કરવામાં આવી રહ્યુ છે તે હકીકત સર્વવિદિત છે,

જાતીવાદી રાજનીતિની સરમુખત્યારશાહીમાં સૌથી ભયાનક હકીકત એ બની રહી છે કે ન્યાય અને રક્ષણ કરનારા કટ્ટરવાદી સતાધીશોના ગુલામ બનીને તેમના પોતાના પરીવારોને વધુ નુકસાન કરી રહ્યા છે,

બંધારણીય અધિકારો ધીરેધીરે સમાપ્ત કરવામાં આવી રહ્યા છે, લોકો માટે ન્યાય અને ફરીયાદના દરવાજા બંધ થતા જાય છે, મુડીવાદ જાતીવાદને વધુ મજબુત કરવા સતાધીશો વધુને વધુ ઘાતક નિયમો અને કાયદાઓ અમલમાં લાવી રહ્યા છે, સામાન્ય માણસનું કાયદાથી શોષણ અને અત્યાચાર કરવાની શાસન પ્રથા સફળતાથી લાગુ પડી ચુકી છે,

ખાસ કરીને સોશિયલ મીડિયાના જુઠા ભ્રામક આક્રમણનો ભોગ બની માનસિક રીતે લાચાર અને વિકલાંગ બનેલી શિક્ષિત યુવા પેઢીએ જાતીવાદ અને મુડીવાદને મજબુત સમર્થન કર્યુ છે,

સામાન્ય પ્રજાને અન્ન પાણીની મુળભુત જીવનનિર્વાહની આવક સિવાય સમાજની વ્યાપક પરીસ્થીતીઓ વિશે મૌલિક રીતે વિચારવાનો સમય અને સમજણ નથી બીજીબાજુ યુવા પેઢી કાલ્પનિક નશામાં ધૃત છે, મુડીવાદનો જાતીવાદ કરીને સમૃદ્ધિ સતા અને સરમુખત્યારશાહી ભોગવતા લોકોની વસ્તી આઠમા ભાગની છે તેની સામે પીડીત અને શોષણનો ભોગ બનતી લાચાર પ્રજાની વસ્તી આઠગણી છે તેથી જાતીવાદી રાજનીતિ જેમ જેમ આગળ વધતી જશે તેમ તેમ સામાજીક ગુનાખોરી વધુને વધુ વકરતી જશે,

જીવનનિર્વાહ અને પરીવાર સુરક્ષા માટે લોકો પરસ્પર લડશે, બળવાન જુથો, સંગઠીત જુથો નબળા લોકો ઉપર અત્યાચાર કરીને શોષણ કરશે,

અગમના આરાધક દેવાયત પંડિતની વાણી છે કે, ઘાંચીની ઘાણીએ લોક પીલાશે, પાવરે પાણી વેચાશે, ગૌમાત મકોડા ચરશે, પતિત જન પાવન થાશે, પુણ્યશાળી પાપ વેઠારશે, એક નરને નવ નારી થાશે, ચોર કોટવાળી કરશે, ન્યાયની દેવડીએ અંધારા થાશે, દેવના નામે દાનવ પ્રકોપ થાશે, ધુતારા ધણી થાશે, દેખતો જણ આંધળો થાશે, ધરતી જાકારો આપશે, ફણીધર ફુંફાડા મારશે, અમૃત ગણી વિષ ઘોળાશે, માનવી મટી દાનવ થાશે, દેરી દેરીએ દિવડા થાશે, વિવેકી વલોપાત કરશે, નમાલા વીર ગણાશે, નર નારીનો મોહતાજ થાશે, શરણાગતનુ ભક્ષણ થાશે, અમુત નામે ઝેર પીવાશે, જગતતાત નોધારા થાશે, ધરતી નિસાસા નાખશે .. આ થોડા શબ્દોની આગમવાણીના મોટાભાગની વાણી સાબિત થતી જાય છે, આ આગમવાણી અને આજની લોકશાહીમાં ચાલતી જાતીવાદ, મુડીવાદની તાનાશાહીની વાસ્તવિકતા સરખાવીએ તો ભારતીય લોકશાહી અને પ્રજાતંત્ર પતન તરફ ઝડપથી વિકાસ કરી રહ્યું છે.

અંતતઃ જાતીવાદ, ધર્મવાદ, મુડીવાદ બધુ ચાલતુ રહેશે પણ આ વિષચક્રમાં આપણે પોતે કરેલા કર્મો આખરે આપણે કોઈને કોઈ સ્વરૂપે ભોગવવા વેઠવા પડશે, કોમવાદ, જાતીવાદની રાજનીતિને ઓળખજો, માનવતા અને પ્રમાણિકતા પાલન કરજો, મનુષ્ય જન્મમાં કરેલા તમામ કર્મો આખરે પશુ, પક્ષી, જંતુ, સ્વરૂપના જન્મમાં મુંગા મોઢે ભોગવવા પડશે..પુણ્ય કદી એળે જતુ નથી અને પાપ કોઈને છોડતુ નથી.

## આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ

નસેહાં વ્હોરા
(લેખિકા)

ભારતીય સંસ્કૃતિમાં નારીના સન્માનનું ખૂબ જ મહત્વ અપાયું છે પરંતુ વર્તમાન સમયમાં નારીની જે હાલત જોવાઈ રહી છે તેમાં નારીના ઘણીબધી જગ્યાએ આપમાન જ થઈ રહ્યા છે તેને ભોગની વસ્તુ સમજીને તેનો ઉપયોગ થઈ રહ્યો છે અને આ ખૂબ જ ચિંતાજનક વાત છે પણ અમારી સંસ્કૃતિ બનાવી અને ટકાવી રાખવા નારીનું સન્માન કેવી રીતે કરાય તેના પર તો વિચારવું જરૂરી છે નારી એના જીવનમાં તેનું લગ્ન જીવન પસાર કરે છે ત્યારે તેનું સર્વસ્વ એક પરિવાર માટે છિન્ન ભિન્ન કરી ને પોતાના સ્વપ્ના,શોખ,સ્વમાન બધું જ સમાજ અને પરિવાર માટે બલિદાન આપતી હોય છે,ઘણીબધી જગ્યાએ સમાજમાં નારી નું કોઈ વજુદ હોતું નથી, સમાજ,દુનિયામા ઘણાબધા કિસ્સાઓ જેવાકે બળાત્કાર,સ્ત્રી ભ્રૂણહત્યા, અત્યાચારો,દહેજ પ્રથા,આ બધું મહદઅંશે અટક્યું છે પણ સંપૂર્ણ રીતે બંધ થવું જોઈએ, અને આ બધી બદીઓ પાછળ ક્યાંક નારી પણ જવાબદાર છે અને આ બધું અટકાવવા સૌ પ્રથમ નારીએ જ પહેલ કરવી જરૂરી છે

નારી પોતાના સમાજ,પરિવાર રીતરિવાજો વગેરે ટકાવી રાખવા મને કમને નારી સારા સુઘડ પ્રયત્નો કરે જ છે અને કરતી આવી જ છે છતાં મોટેભાગે નારીને નારી તરીકેનું જીવતદાન આપવાવાળા બહુ જ ઓછાં વ્યક્તિઓ છે, છેલ્લા કેટલાય સમયથી નારી પોતે પૂરા પરિવાર સાથે આત્મહત્યા કરી લે છે,,આજકાલ નારી હારી, થાકી,મજબૂરીમાં સામૂહિક આત્મહત્યા કરી રહી છે. દરેક ગ્રંથમાં નારીને શક્તિ સ્વરૂપ ગણવામાં આવી છે નારીના અનેક રૂપ છે ક્યાંક માતા તો ક્યાંક બહેન તો ભાભી તો ક્યાંક પત્ની તો ક્યાંક ક્યાંક પ્રિયતમા, નારી એક શક્તિ સ્વરૂપ છે..

હું નારી તરીકે એક વાત જરૂરથી કહીશ કે નારીને માન સન્માન આપો, નારીની કદર કરી તેનું સ્વાભિમાન જાળવીસુ તો આપણા દેશમાં નારી સાથે થતાં અત્યાચાર,જુલ્મો વગેરેનું નિરાકરણ આપોઆપ આવી જશે,

વધુમાં જ્યારે એક નારી,મહિલા ગર્ભવતી થઈને એક બાળકને જન્મ આપે છે ત્યારે તેનો ફરીથી નવો જન્મ થાય છે,જે બાળકને જન્મ આપે છે તે જ બાળક સમય જતા પોતાની માતૃત્વને લાંછન આપે છે,મારા મત મુજબ નારીએ પોતે સમાજ, પરિવાર સહિત પોતાનું જીવન જીવવાનો પુરે પૂરો હક્ક છે કેમકે નારી એક સમાજ કે પરિવાર સાથે નહિ પરંતુ અનેક પરિવાર સમાજ સાથે જોડાયેલી હોય છે.એક નારિનું સન્માન એટલે સમગ્ર દેશ,સમાજ,પરિવારનું માન સન્માન કહેવાય છે

અને છેલ્લે

નારી

કભી માં બનકર તો કભી બહુ બનકર તો કભી પત્ની બનકર આદમી કો સહી રાહ દીખાતી હે

નારી કો કમ મત સમજના ક્યોંકિ વો હર મોડ પર આપકા સાથ નિભાતી હે,જીસ ઘરને નારી નહિ હોતી હે વો ઘર કો સજાનેમે સારી ઉમ્ર ગુજર જાતી હે.

# દેશમાં પાણી પુરવઠામાં મુંબઈ શ્રેષ્ઠ : મુંબઈનું પીવાનું પાણી ૯૯.૩૪ % શુદ્ધ

### મુંબઈ મહાનગરપાલિકાને પ્રતિષ્ઠિત "જલ નિર્મલતા" એવોર્ડ મળ્યો છે

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮

'જળ શુદ્ધિકરણ' માટેનો રાષ્ટ્રીય એવોર્ડ ભારતના પ્રખ્યાત ભારતીય વોટર વર્કસ એસોસિએશન દ્વારા દર વર્ષે આપવામાં આવે છે. નાગરિકોને પાણી પુરવઠાના ક્ષેત્રમાં ટેકનીકી, કાર્યક્ષમ વહીવટ અને ઉચ્ચ ગુણવત્તાવાળા સંચાલન દ્વારા પાણીની ગુણવત્તામાં સુધારો કરવા માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આ એવોર્ડ વિશેષરૂપે આપવામાં આવે છે.

બૃહમ્મુબાઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને વર્ષ ૨૦૧૯-૨૦ માટે શ્રેષ્ઠ શુદ્ધ પાણી પુરવઠા નિગમ તરીકે જલ નિર્મલતા એવોર્ડથી નવાજવામાં આવ્યો છે. ડેપ્યુટી કમિશનર (વિશેષ ઈજનેરી) અજય રાઠોડે તાજેતરમાં હૈદરાબાદમાં એક વિશેષ કાર્યક્રમમાં આ એવોર્ડ સ્વીકાર્યો છે. અધિક મ્યુનિસિપલ કમિશનર (પ્રોજેક્ટ્સ) પી. વેલારસુના માર્ગદર્શન હેઠળ, ગ્રેટર મુંબઈ ક્ષેત્રમાં જળ વિભાગમાં આધુનિક તકનીકી દ્વારા છેલ્લા કેટલાક વર્ષોમાં ધરમૂળથી પરિવર્તન અને સુધારા કરવામાં આવ્યા છે.

દેશના ૨૧ શહેરોમાં નાગરિકોને પૂરા પાડવામાં આવતા પાણીના નમૂનાઓ વડા પ્રધાન વોટર લાઈફ મિશન પ્રોગ્રામ અંતર્ગત ગ્રાહક બાબતોના મંત્રાલયે એકત્રિત કર્યા હતા અને આઈએસ ૧૦૫૦૦: ૨૦૧૨ મુજબ પાણીના ૪૭ વિવિધ ધોરણો માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. બીએમસીના શહેર વિસ્તારમાં વરલી, કરી રોડ, શિવડી; પશ્ચિમ પરામાં મલાડ, કાંદિવલી, જોગેશ્વરી; ઉપરાંત પૂર્વી પરામાં આવેલા પવૈ, સકીનાકા, ઘાટકોપર અને ચેમ્બુરની ઝૂંપડપટ્ટીમાંથી પાણીના નમૂના લેવામાં આવ્યા હતા. બધા નમૂનાઓ ૪૭ ધોરણો માટે યોગ્ય હોવાનું જણાયું હતું. ગ્રેટર મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દરરોજ ૩૮૫૦ મિલિયન લિટર પાણી નાગરિકોને પહોંચાડે છે. તેમાંથી સેવા જળાશય અને પાણી વિતરણ પ્રણાલીમાં પસંદ થયેલ ૩૫૮ સ્થાનોને પાલિકાના જળ વિભાગ દ્વારા પાણીના નમૂના એકત્ર કરવા માટે ઓળખવામાં આવી છે. આમાંથી, આરોગ્ય અને ગુણવત્તા નિયંત્રણ વિભાગ (વોટર વર્કસ) દ્વારા દરરોજ ૧૧૦ થી ૧૩૦ સ્થળોએ પાણીના નમૂના લેવામાં આવે છે અને 'મેમ્બ્રેન ફિલ્ટર ટેક્નિક' (એમએફટી) નામની નવીનતમ અને સચોટ તકનીકનો ઉપયોગ, ના અધિકારક્ષેત્ર હેઠળ લેબોરેટરીમાં થાય છે. આરોગ્ય વિભાગ. દાદર ખાતેની પ્રયોગશાળાને ડિસેમ્બર ૨૦૨૦માં નેશનલ બોર્ડ LabV લેબોરેટરીઝ (N.A.B.L) નું નામાંકન મળ્યું છે.

વર્ષ ૨૦૧૩-૧૪ .થી ૨૦૧૯-૨૦ દરમિયાન, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને વિવિધ વ્યાસના જૂના જર્જરિત ૨૫૦ કિમી લાંબા પાણીના પાઈપોને બદલ્યા છે. તેઓની જગ્યા પણ લેવામાં આવી છે.

આ ઉપરાંત એક લાખ ૭૫ હજાર જગ્યાઓના લીકેજ મળી આવ્યા છે અને રીપેર કરાવી છે. વિવિધ સ્થળોએ કામ ચાલી રહ્યું હતું, ત્યારે માર્ગ સુધારણા કાર્યક્રમ અંતર્ગત ૮૯,૯૦૮ સેવા જોડાણો બદલવામાં આવ્યા હતા.

### એક લાખ ૭૫ હજાર સ્થળોએ લિકેજ થવાનો સ્ત્રોત રિપેર કરાયા

૨૦૧૨ થી ૨૦૧૮ સુધીમાં, વિવિધ ઝડપી ટનલ પૂર્ણ કરવામાં આવી હતી.

છેલ્લા પાંચ વર્ષમાં જળ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાઓને લીધે વર્ષ ૨૦૧૯-૨૦માં પાણીની ગુણવત્તા અને શુદ્ધતા વધીને ૯૯.૩૪ ટકા થઈ ગઈ છે. સતત તેની સેવાઓ પ્રદાન કરતી વખતે, BMC સતત ગુણવત્તા અને ગુણવત્તા બંનેમાં ટોચના અને આધુનિક તકનીકનો ઉપયોગ કરીને મુંબઈકારોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત પાણી પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે.

# નાણાપ્રધાન અજિત પવારે રજૂ કરેલ મહારાષ્ટ્રનું નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ

### બજેટમાં તેણે કરેલી ૧૦ મોટી જાહેરાતો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮

આ વર્ષના બજેટમાં નાણામંત્રીએ મહિલાઓ, સ્કૂલની છોકરીઓ અને વિદ્યાર્થીઓ માટેની મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. કેટલાક વિકાસ પ્રોજેક્ટની પણ જાહેરાત કરવામાં આવી છે.

રાજ્યના બજેટમાં ૧૦ મોટી જાહેરાતો - ૧) ઘર મહિલાઓના નામે હોય તો સ્ટેમ્પ ડ્યુટી પર એક ટકાની છૂટ, સ્કૂલની છોકરીઓને બસ દ્વારા મફત મુસાફરી. ૨) શૂન્ય ટકાના દરે ૩ લાખ રૂપિયા સુધીની પાક લોન. ૩) દારૂ પર વેટમાં ૬૦ થી ૬૫ ટકાનો વધારો. ૪)પરભણી, અમરાવતી, સિંધુદુર્ગ, ઉસ્માનબાદ ખાતે મેડિકલ કોલેજો સ્થાપવામાં આવશે. ૫) પુણેમાં રીંગરોડની જાહેરાત, ૨૪ હજાર કરોડનું ભંડોળ. ૬) આરોગ્યસંભાળ માટે રૂ. સાત હજાર કરોડનો પ્રોજેક્ટ. ૭) પુણે, નગર, નાસિક, ૨૩૫ કિલોમીટર રેલ્વે લાઈન બનાવવામાં આવશે, મુંબઈમાં દરિયાઈ રસ્તો ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થશે. ૮) રાજ્યના ૮ પ્રાચીન મંદિરો સાચવવામાં આવશે, બાલાસાહેબ ઠાકરેના સ્મારકની ખર્ચ માટે આ વર્ષે ૪૦૦ કરોડ. ૯) સરથી, બર્તી સંસ્થાઓને રૂ .૧૫૦ કરોડની જોગવાઈ. ૧૦) વિલાસરાવ દેશમુખનું નામ પૂર્વ મુક્ત માર્ગને આપવામાં આવશે

અજિત પવારે કહ્યું કે, આપણું રાજ્ય મહિલા નીતિઓની દ્રષ્ટિએ હંમેશાં અગ્રેસર રાજ્ય રહ્યું છે. રાજ્યમાં કન્યા કેળવણી માટે અનેક પગલા લેવામાં આવ્યા છે. આપણા રાજ્યમાં, કન્યા શિક્ષણ ૧૨ ધોરણ સુધી નિઃ શુલ્ક છે. અષાત હવે રાજ્યના તમામ ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓને તેમના ગામથી શાળા સુધી મુસાફરી માટે રાજ્ય પરિવહન નિગમની બસ દ્વારા નિઃ શુલ્ક મુસાફરી પૂરી પાડવા માટેની રાજ્યવ્યાપી યોજનાની ઘોષણા કરી રહી છે. આ યોજના ક્રાંતિ જ્યોતિ સાવિત્રીબાઈ ફૂલેના નામે શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, મોટા શહેરોમાં મહિલાઓની સલામત મુસાફરી માટે તેજસ્વિની યોજના હેઠળ વધુ મહિલા વિશેષ બસો ઉપલબ્ધ કરવામાં આવશે.

# લોનાવાલા નજીક એક ખાનગી બસ ખીણમાં પડી, તમામ મુસાફરો સલામત




ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર લોનાવાલા ઘાટમાં એક બસ ૧૦૦ ફુટ ઉંડા ખીણમાં ધસી ગઈ. ડ્રાઈવરનો કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. બસમાં ૩૫ મુસાફરો હતા. આ બસ ગોવાથી મુંબઈ આવી રહી હતી. તે સમયે અકસ્માત થયો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ મુસાફરોને ઈજા પહોંચી નથી. દરમિયાન બસના મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

મુંબઈ જતા માર્ગ પર લોનાવલા ઘાટ ઉતરતા સમયે ડ્રાઈવરે બસનો કાબૂ ગુમાવ્યો અને બેરીકેટ તોડી નાખી. બસ રસ્તાની ડાબી બાજુ ૧૦૦ ફૂટ ઉંડા ખીણમાં પડીને બચી ગઈ હતી. બસનો પાછળનો ભાગ રસ્તાની બાજુમાં લોખંડના બેરીકેડમાં ફસાઈ ગયો હતો અને બસ ખાડામાં પડી ગઈ હતી. તે સમયે બસમાં ૩૫ મુસાફરો હતા. ફસાયેલી બસમાંથી તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

# એટીએસ દ્વારા મનસુખ હિરણ મૃત્યુ મામલે હત્યાનો ગુનો દાખલ

ચક્રવાત ટીમ મુંબઈ તા. ૮

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની એન્ટિલિયા બિલ્ડિંગ નજીક વિસ્ફોટક બનાવવાની કારની માલિક શુક્રવારે રહસ્યમય રીતે મૃત હાલતમાં મળી આવી હતી. દરમિયાન, મનસુખની પત્ની વિમલાને શંકા છે કે રવિવારે મુંબઈ આતંકવાદ વિરોધી ટુકડીમાં પૂછપરછ દરમિયાન તેના પતિની હત્યા કરવામાં આવી છે. આ અંગે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગૃહ પ્રધાન અનિલ દેશમુખે જાહેરાત કરી છે કે મુંબઈના આતંકવાદ વિરોધી ટુકડી (એટીએસ) હિરણના મોતની તપાસ કરશે.શુક્રવારથી એટીએસના અધિકારીઓ ઘટનાની તપાસ કરી રહ્યા છે. શનિવારે તેમજ રવિવારે પણ અધિકારીઓએ થાણેમાં વિકાસ પામ બિલ્ડિંગમાં મનસુખના પરિવારની પૂછપરછ કરી હતી. મનસુખની પત્ની વિમલા અને મોટા પુત્ર મિત સહિત પોલીસ-કમિશનર રાજકુમાર શિંદેના



પરિવાર દ્વારા સાડા ત્રણ કલાકની પૂછપરછ દરમિયાન મનસુખની હત્યા થઈ હોવાની શંકા દર્શાવવામા આવી છે. તેની કારની ચોરી થયા પછી પણ તેણે એટીએસ સાથે સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. તો, તેમ છતાં તેમનો રાત્રે ૮ વાગ્યે કોનો ફોન આવ્યો? તે પછી તે તાવડેનું નામ કહીને થાણેના ઘોડબંદર રોડ પર તે ગયા હતા. રાત્રે ૧૦ વાગ્યા પછી તેનો ફોન બંધ અવ્યો હતો. બીજા દિવસે તેનો મૃતદેહ મુમ્બ્રા સ્થિત રેતીબંદર ખાડીમાંથી મળી આવ્યો હતો. આખો મામલો શંકાસ્પદ છે અને મનસુખ, જે એક સારી તરણવીર છે, તે આત્મહત્યા કરી શકે નહીં, તેમ પરિવારે ઉમેર્યું હતું કે, તેઓએ આ કેસમાં હત્યાનો ગુનો દાખલ કર્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે માંગ સ્વીકાર્યા બાદ તેની પત્ની વિમલાએ નોંધાવેલી ફરિયાદના આધારે હત્યા અને પુરાવાનો નાશ કરવાનો કેસ મુંબઈમાં આતંકવાદ વિરોધી સ્કવોડ, મુંબઈમાં નોંધવામાં આવ્યો હતો. દરમિયાન, એટીએસના અધિકારીઓએ રવિવારે મુમ્બ્રા પોલીસ પાસેથી આ કેસથી સંબંધિત તમામ દસ્તાવેજો જપ્ત કર્યા હોવાનું એક એટીએસ અધિકારીએ જણાવ્યું હતું.

મનસુખનો મૃતદેહ મુમ્બ્રા રેતીબંદર ખાતે ખાડીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો, તે સમયે તેનું શરીર સંપૂર્ણપણે કાદવમાં ઢંકાયેલું હતું. માસ્કની અંદર રુમાલ હોવાથી તેની સ્થિતિ સારી હતી. મનસુખના મોંમાં આ રૂમાલ કોણે મૂક્યો? શું તેઓએ તે જાતે મૂક્યુ હતું કે કોઈ બીજાએ? આ વિના અનેક દલીલો કરવામાં આવી રહી છે.

# કોરોનાનો ટેસ્ટ ન કરાવનાર ભુતપૂર્વ મુખ્યમંત્રી સહિત ૨૫ જણને વિધાનસભામા પ્રવેશ નકાર્યો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮

મહારાષ્ટ્ર સરકારના આર્થિક બજેટ સત્ર દરમિયાન બે વખત કોરોના ટેસ્ટ કરાવવુ ફરજીયાત હોવા છતા કોગ્રેસના નેતા અને ભુતપૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણ સહિત ૨૫ વિધાનસભ્યોએ ટેસ્ટ નહિ કરાવતા વિધાનસભાભવનમા તેઓને પ્રવેશ આપવાનું નકારવામા આવ્યાની ધક્કાદાયક બાબત સામે આવી ચે.કોગ્રેસના વિધાનસભ્ય અમિન પટેલ દ્વારા વિધાનસભામા ધારાસભ્યોએ કોરોના ટેસ્ટ ન કર્યો હોવા છતા તેઓને પ્રવેશ આપવાની માગણી કરી હતી. રાજ્ય વિધાનસભાના અધિવેશનની શરૂઆતમા તેમજ ફરી અઠવાડિયા બાદ વિધાનસભ્યો તેમજ વિધાનભવનના સ્ટાફ તેમજ ધારાસભ્યોના કર્મચારીઓએ બે વખત કોરોના ટેસ્ટ કરાઅવવુ બંધનકારક છે.ટેસ્ટ કર્યા બાદ નેગેટીવ આવેલ કર્મચારીઓ તેમજ વિધાનસભ્યોને પ્રવેશ આપવાનું ઠરાવવામા આવ્યુ હતુ..દરમિયાન ૨૫ વિધાનસભ્યોના કોરોના ટેસ્ટના રિપોર્ટ ન આવતા તેઓએ ન કરાવ્યુ હોવાની શક્યતા છે.



આ ૨૫ જણમા કોગ્રેસ, શિવસેના અને ભાજપના વિધાનસભ્યોનો સમાવેશ હોવાનું સાભળવા મળે છે..જેને લઈને ટેસ્ટ ન કરાવતા રાજ્યના આર્થિક બજેટ સત્રમા તેઓને પ્રવેશ ન મળતા તેઓની ઉપસ્થિતી જોવા મળી નથી.આવનાર બે દિવસ તેઓની હાજરી રહેશે નહિ.

કોરોનાનો ટેસ્ટ કરાવવો ફરજીયાત હોવાથી મોટી સંખ્યામા વિધાનસભ્યો ગેરહાજર રહેશે.પરંતુ જે વિધાનસભ્ય કોરોના ટેસ્ટનો નેગેટીવ રિપોર્ટ રજુ કરશે તેઓને બાકી બચેલા બે દિવસ વિધાનભવનમા પ્રવેશ આપવામા આવશે.દરેક જણાઈ કોરોના ટેસ્ટ કરાવવો ફરજિયાત બંધનકારક છે.

# માલવાહક જહાજનો હવાલો લેતી સ્ત્રીઓ જેએનપીટી બંદરથી સફારી માટેની પ્રસ્થાન

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮

મહિલા દિવસ નિમિત્તે કેન્દ્રીય વહાણ મંત્રાલયે વિશ્વમાં ભારતીય મહિલાઓની શક્તિ પ્રદર્શિત કરવા વિશેષ પહેલ કરી છે. આ અંતર્ગત માલવાહક જહાજનો સંપૂર્ણ નિયંત્રણ મહિલાઓને સોંપવામાં આવ્યો છે. આ જહાજ શનિવારે જેએનપીટી બંદરથી ગુજરાતના વાડીનાર બંદર માટે રવાના થયું હતું. 'સ્વર્ણ કૃષ્ણ' નામનું માલવાહક જહાજ મહિલાઓને સોંપવામાં આવ્યું છે. કેન્દ્રીય શિપિંગ પ્રધાન મનસુખ માંડવિયાએ શનિવારે એક ટેલિવિઝન સંબોધન દ્વારા જહાજને લીલીઝંડી આપી હતી. તે પછી સવારે ૧૧.૩૦ વાગ્યે માલવાહક જહાજ જેએનપીટી બંદરથી ગુજરાત રાજ્યના વાડીનાર



બંદર માટે નીકળ્યું. વિશ્વમાં આ પહેલીવાર છે જ્યારે મહિલાઓને કાર્ગો શિપ પર સંપૂર્ણ નિયંત્રણ આપવામાં આવ્યું છે. માંડવીયાએ માહિતી આપી હતી કે આ પહેલ મહિલા દિન નિમિત્તે વિશ્વમાં ભારતીય માનવશક્તિ રજૂ કરવાના હેતુથી અમલમાં આવી હતી.

કાર્ગો શિપનું નિયંત્રણ સામાન્ય રીતે નિષ્ણાત અને અનુભવી કેપ્ટનને આપવામાં આવે છે. કારણ કે આવા ભારે વહાણમાં ખાસ કુશળતાની જરૂર હોય છે. ઘણાએ સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપી હતી કે કેન્દ્રીય વહાણ મંત્રાલયે મહિલાઓને આટલી મોટી જવાબદારી આપીને આખી દુનિયાને ભારતીય મહિલાઓની શક્તિ બતાવી છે.

# પરભણીથી હત્યા કરી આવેલ આરોપીની બોરીવલી રેલ્વે પોલિસે અટક કરી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮

પરભણીથી હત્યા કરી બોરીવલી આવેલ આરોપીની માહિતી રેલ્વે પોલિસને મળતા ૧૨ કલાકમા તેઓએ પકડીને તેને લોક અપ ભેગો કરી પરભણી પોલિસને હવાલે કર્યો છે.

પરભણીના સેલૂ તાલુકાના નિપાણી ગામે ૫ માર્ચના રોજ મહિલા પુજા ઉમેશ મગરની હત્યા કરીને તેનો મૃતદેહ ગુણીમા ભરી કોરી કેનાલમા પૂરાવો નષ્ટ્ર કરવા નાખવામા અવ્યો હતો.હત્યાના કેસમા શંકાસ્પદ મૃતક મહિલાનો પતિ ઉમેશ મગર ઘટના બાદ ફરાર હતો.પરભણી જિલ્લાના સેલૂ વિભાગના ડિવાયએસપી પાલને તપાસમા આરોપી ઉમેશ મગર અને તેનો સાથીદાર ગણેશ પિત્તળે બોરીવલી રેલ્વે સ્ટેશને હોવાની



જાણકારી મળી હતી.ડિવાયએસપીએ બોરીવલી રેલ્વે પોલિસના પીઆઈ ભાસ્કર પવારને બંન્ને અરોપીઓના ફોટા અને માહિતી મોકલ્યા હતા. પીઆઈ ભાસ્કરે તાત્કાલિક તપાસ ટીમ બનાવી બંન્ને અરોપીઓની સોધ ચાલુ કરતા રેલ્વે સ્ટેશને તેઓ મળ્યા ન હતા.અંતે બાતમીદારોને જાણ કરતા એક આરોપી નેશનલ પાર્ક પાસેના બસ સ્ટેન્ડ આસપાસ ફરતો હોવાની જાણકારી મળી હતી.તરત જ રેલ્વે પોલિસ તે ઠેકાણે પહોચી હતી પણ આરોપી પુનાની બસમા નીકળી ગયો હતો.અંતે રેલ્વે પોલિસે કાર વડે પુનાની બસનો પીછો કરી અધ્ધવચ્ચેથી આરોપી ગણેશ પિત્તળેને બસમાથી પકડ્યો હતો. ત્યાર બાદ તેણે આપેલ માહિતી પરથી દહિસર પૂર્વના વૈશાલીનગરની ઝુપડપટ્ટીમાથી આરોપી ઉમેશ મગરને પકડ્યો હતો.બંન્ને આરોપીઓને પરભણીની સેલુ પોલિસના પીએસઆઈ માળગેને કબ્જો સોપ્યો હતો.

# મહિલા દિવસ વિશેષ : હવે મહિલાઓ પણ સંભાળશે એસ.ટીની જવાબદારી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮

એસટીમા ૨૧૫ મહિલા ડ્રાઈવરોની દ્વિ જવાબદારી તાલીમ આપવાનું કામ શરૂ થઈ ગયું છે. અહીં આદિવાસી વિસ્તારની ૨૧ મહિલાઓનો સમાવેશ છે. પ્રથમ વખત મહિલાઓને એસ.ટી.માં ડ્રાઈવર તરીકે નિયુક્ત કરવામાં આવશે. એસટી કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર શેખર ચેન્ને જણાવ્યું હતું કે, ટ્રેનિંગ શરૂ થઈ ગઈ છે અને તેઓ એક વર્ષ પછી સેવામાં આવશે.

એસટીમાં હાલમાં ૪,૫૦૦ મહિલા વાહક છે. તેઓ છેલ્લા દસ-પંદર વર્ષથી તે સેવામાં છે. હવે મહિલાઓ ડ્રાઈવર તરીકે પણ કામ કરશે. મહિલા ડ્રાઈવરો માટેની ભરતી પ્રક્રિયા ૨૦૧૯ માં શરૂ થઈ હતી. આ મહિલા ડ્રાઈવરોએ એપ્રેન્ટિસશીપ



તાલીમ અને અંતિમ પરીક્ષણ કર્યા પછી જ ૨૦૨૧ માં સેવામાં જોડાવાની અપેક્ષા રાખવામાં આવી હતી; પરંતુ તે દરમિયાન, કોરોનાને લઈને તેમની તાલીમ બંધ કરવામા આવી હતી.. હવે આ તાલીમ ફરી શરૂ થઈ છે.

આખા વર્ષ દરમિયાન સેવામાં પ્રવેશ કરશે. પુનાના ભોસરી ખાતે એસ.ટી.ની એક મોટી ટીમ છે જ્યાં અંતિમ પરીક્ષણ કરવામાં આવશે અને તેમની અંતિમ પસંદગી કરવામાં આવશે.

# વરલીમાં એનએસસીઆઈ ક્લબ સબ કોન્ટ્રાક્ટરની આત્મહત્યા : બેસમેન્ટમાંથી સુસાઈડ નોટ મળી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮



વરલીમાં એનએસસીઆઈ ક્લબના સબકોન્ટ્રેક્ટરે આત્મહત્યા કરી છે. રાજેશ તાવડેનું નામ આપઘાત કરનાર વ્યક્તિનું છે. આ વ્યક્તિએ સ્યુસાઈડ નોટ લખીને આત્મહત્યા કરી છે. પોલીસ હાલ આ મામલે તપાસ કરી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વરલીના એનએસસીઆઈ ક્લબના રાજેશ તાવડે પેટા કોન્ટ્રાક્ટર હતા. પેટા કોન્ટ્રેક્ટરે એક સુસાઈડ નોટ લખી છે કે તે પૈસાથી કંટાળી ગયો હોવાથી તેને આત્મહત્યા કરવા માટે પ્રેરિત હતો. ત્યારબાદ તેણે એનએસસીઆઈ ક્લબના ભોંયરામાં લટકીને આત્મહત્યા કરી લીધી હતી. રાજેશ તાવડે વિક્રોલી વિસ્તારમાં રહેતો હતો.

દરમિયાન, રાજેશ આ સ્થળે કેટલા દિવસોથી કામ કરી રહ્યો છે? તેની કોઈની સાથે કોઈ દલીલ કે ઝઘડો થયો હતો? તેની સ્યુસાઈડ નોટમાં કોનો ઉલ્લેખ હતો? હજી કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી. આ કેસમાં તાડદેવ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતની નોંધ કરવામાં આવી છે. હાલ આ મામલે તપાસ ચાલી રહી છે. નેશનલ સ્પોર્ટ્સ ક્લબ ઓફ ઈન્ડિયા (એનએસસીઆઈ) એ શહેરના મધ્યમાં સ્થિત એક સંસ્થા છે. જંમ્બો કોવિડ સેન્ટર આ સ્થાને કોરોના સમયગાળા દરમિયાન બનાવવામાં આવ્યું હતું. કોરોના સમયગાળા દરમિયાન, વરલી, મહાલક્ષ્મી, બાંદ્રા, નેસ્કો, ગોરેગાંવમાં ૨,૪૭૫ બેડ રાખવામા આવ્યા છે. વરલીના એનએસસીઆઈ ડોમ સેન્ટરમા પરેલની ટાટા હોસ્પિટલના કેન્સર અને કોરોના એમ બંને દર્દીઓની સારવાર કરી રહ્યા હતા. આ જમ્બો કોવિડ સેન્ટરને હવે કોરોનાની ઘટના ઘટતાં જમ્બો રસીકરણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે. હાલમાં આ સ્થળે રસીકરણ ચાલુ છે. ખાસ વાત એ છે કે કોવિડ દર્દીઓ પણ રસીકરણની સાથે આ સ્થળે સારવાર લઈ રહ્યા છે.

# ઉસ્માનાબાદમાં પત્નીએ બળાત્કારના કારણે આત્મહત્યા કર્યાના છઠ્ઠા દિવસે જ પતિએ આત્મહત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

ઉસ્માનાબાદમા એક મહિલાએ ગનપોઈન્ટ પર બળાત્કાર ગુજાર્યા બાદ આપઘાત કર્યો હોવાની ચોંકાવનારી ઘટના બની હતી. પીડિતાની આત્મહત્યા બાદ તેના પતિએ પણ ફાંસી લગાવી જીવનનો અંત કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આત્મહત્યા કરનાર વ્યક્તિનું નામ ઉત્તમ શિંદે છે. ખાસ કરીને આ વ્યક્તિએ આત્મહત્યા કરતા પહેલા સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો. વીડિયોમાં તેણે આત્મહત્યા માટે પોલીસ કર્મચારી હરિભાળ કોલકર અને તેના સસરાના મંડળને જવાબદાર ઠેરવ્યા છે.

'હરિભાળ કોલેકરે મારા હસતા ખેલતા સાથે રમતા મારા પરિવારને બરબાદ કરી દીધો છે. પોલીસ સાથે મારો પરિચય છે, કોલેકર ધમકી આપી રહ્યા હતા કે તમે કરી શકો તેવું કંઈ નથી. તેણે મારી પત્ની સાથે છેડતી કરી બળાત્કાર ગુજાર્યો હતો, તેના ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધો હતો. મારી પત્નીની આત્મહત્યા માટે જવાબદાર હરિભાળ કોલેકરને ફાંસીની સજા થવી જોઈએ (મૃત્યુદંડ), ઉત્તમએ છેલ્લી ઈચ્છા એ એક સુસાઈડ નોટમાં લખ્યું હતું. વળી, મારા સસરાના પરિવાર તરફથી પણ હેરાન કરાતા હોવાથી. તેમની સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ, એમ તેમણે વીડિયોમાં જણાવ્યું હતું.

૨ માર્ચે પીડિતાએ આત્મહત્યા કરી હતી. પીડિતાએ આપઘાત કરતા પહેલા સુસાઈડ નોટ લખી હતી. 'હું મારી સ્વતંત્ર ઈચ્છાથી આત્મહત્યા કરી રહી છું. હરિભાઈ રામદાસ કોલેકર આ માટે જવાબદાર રહેશે. મને કોલેકર પહેલીવાર મારા ઘરે આવ્યો હતો અને તેણે મારા પર બળાત્કાર ગુજાર્યો હતો અને તેના આધારે તે મને ધમકી આપી રહ્યો હતો, મને બંદૂકથી ધમકાવી રહ્યો હતો ... આમાં મારા પતિનો કોઈ વાંક નથી છે, 'મૃત મહિલાએ પોતાની સ્યુસાઈડ નોટમાં જણાવ્યું હતું.

નાઈક હરિભાળ કોલેકર વિરુદ્ધ ઉસ્માનાબાદ શહેર પોલીસમાં કેસ નોંધવામાં આવ્યો છે.

દરમિયાન પોલીસ સમાજની રક્ષક તરીકે ઓળખાય છે. જો કે, આ કેસમાં પોલીસ પર બળાત્કાર અને આત્મહત્યા કરવા માટેનો આક્ષેપ કરવામાં આવ્યો હતો, જેનાથી શહેરમાં રોષની લહેર ફેલાઈ હતી. સામાન્ય લોકો માંગ કરી રહ્યા છે કે, સઘન તપાસ બાદ ગુનેગારોને કડક સજા કરવામાં આવે.

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહત

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૮

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને કોમોડિટી ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૬૭૦૮૨ સોદામાં રૂ.૧૨૦૪૫.૪૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૦ ઘટવા સામે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૩૬૦ વધ્યો હતો. જસત સિવાયની બિનલોહ ધાતુઓ ઘટી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંનેમાં વૃદ્ધિ હતી. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલ, રબરના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારાનો સંચાર થયો હતો.કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૩૮૪૫ સોદાઓમાં રૂ.૫૫૪૫.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૭૫૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૭૮૦ અને નીચામાં રૂ.૪૪૩૦૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૯૦ ઘટીને રૂ.૪૪૩૯૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૨ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૫૮૨૯ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૪૪૮ થયા હતા, જ્યારે સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૬ ઘટીને બંધમાં રૂ.૪૪૪૨૮ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૪૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૬૩૩ અને નીચામાં રૂ.૬૫૭૨૪ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૬૦ વધીને રૂ.૬૫૯૬૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૭૮ વધીને રૂ.૬૬૦૨૧ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૩૭૭ વધીને રૂ.૬૬૦૨૦ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૩૨૧૦ સોદાઓમાં રૂ.૨૨૯૬.૧૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૯૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૬૭ અને નીચામાં રૂ.૪૮૩૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪ વધીને રૂ.૪૮૫૮ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૩૯૦ સોદાઓમાં કુલ રૂ.૩૨૬.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૧૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૨૯૦ અને નીચામાં રૂ.૨૨૧૯૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦ વધીને રૂ.૨૨૨૨૦ ના સ્તરે બંધ રહ્યો હતો.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ઉના દ્વારા માતૃ શક્તિ વંદના કાર્યક્રમની ભવ્ય ઉજવણી



ચક્રવાત ટીમ ઉના, તા.૦૮

આજ રોજ વિશ્વ મહિલા દિન નિમિત્તે પ્રાથમિક શિક્ષક સંઘ ના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા માતૃશક્તિ વંદના કાર્યક્રમ નું ખુબ જ સુંદર રીતે આયોજન થયેલ.જેમાં રાજ્ય અને જિલ્લા સંઘના માર્ગદર્શન મુજબ વિવિધ સેવા અને સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ કામ કરતા બહેનો નું સન્માન કરવામાં આવ્યું ઉપરાંત વિશિષ્ટ પ્રતિભા ધરાવતી દીકરીને દત્તક પણ લેવામાં આવી.

કાર્યક્રમનો શુભારંભ બાળાઓના હસ્તે દીપ પ્રાગટ્ય અને બહેનો ના કંઠે મંગલ મંત્ર ધ્વનિ દ્વારા થયો. કાર્યક્રમ ની શરૂઆત ભાવસિંહભાઈ દ્વારા સંઘના પરિચય દ્વારા થઈ. જિલ્લામાંથી વક્તા તરીકે પધારેલ દિપકભાઈ જોષી દ્વારા માતૃ શક્તિ વંદના અંતર્ગત અસરકારક અને પ્રેરણાદાયી વક્તવ્ય રહેલ. તેમના વક્તવ્યમાં સ્ત્રી સશક્તિકરણ અને વિધવા મહિલાઓની સહાય યોજનાઓ અંતર્ગત ખૂબ ધારદાર રજૂઆત કરેલ. ત્યારબાદ શાબ્દિક સ્વાગત અને સન્માનનો કાર્યક્રમ યોજાયેલ. જેમાં આરોગ્ય વિભાગમાંથી પ્રતિનિધિ સ્વરૂપ કિંજલબેન રાજા જે લેબ ટેક્નિશિયન છે જે ઘણા સંઘર્ષ બાદ આ વ્યવસાયમાં જોડાયેલ છે તેમનું અને ચંદ્રિકાબેન ચૌહાણ કે જેઓ આશાવર્કર છે તેમનું સન્માન કરવામાં આવ્યું. સ્વાધ્યાય પરિવારના પ્રતિનિધિ સ્વરૂપ લીલાબેન મનુભાઈ સોલંકી નું સન્માન થયું. સંરક્ષણ એટલે કે આર્મી ના પ્રતિનિધિ સ્વરૂપે જલ્પાબેન બાંભણિયાનુ સન્માન થયું. દત્તક દીકરી અંતર્ગત ગોસાઈ દિયા જે સુંદર ચિત્રો દોરે છે વિકલાંગ બાળક છે તેમના ચિત્રોને પ્રોત્સાહિત કરવા માટે હમણાં જ તેમને મુખ્યમંત્રી દ્વારા પણ નવાજવામાં આવેલ છે તેમને પ્રાથમિક શિક્ષક સંઘના મહિલા ઉપાધ્યક્ષ ઈન્દુબા દ્વારા દત્તક લઈ તેમને અને તેમના માતા-પિતાને સન્માનિત કરવામાં આવ્યા.

# પુરઝડપે જતી ટ્રકની બે રીક્ષા, મોટર સાયકલને ટક્કર : પાંચના મોત, ૧૦ ઘાયલ, બે ગંભીર



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮

બીડના પરલી રોડ પર ભરસ્પીડમા જતી એક ટ્રક બે રિક્ષા અને મોટરસાયકલ સાથે ટકરાતાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં અને ૧૦ અન્ય ઘાયલ થયા બંનેની હાલત નાજુક છે. આ અકસ્માત મોચી પિંપલગાંવ વિસ્તારમાં બીડ-પરલી રોડ પર બન્યો હતો. ત્યારબાદ ટ્રક ચાલક નાસી છૂટયો હતો. બાદમાં બીડથી વડવાણી રોડ પર ખોડકા રાજુરી નજીક ટુ વ્હીલર અને પાછળથી એક રિક્ષાને ટક્કર મારવામાં આવી હતી. ટ્રક પલટી ખાઈ ગઈ હતી અને ડ્રાઈવર નાસી છૂટયો હતો. મોચી પિંપલગાંવ નજીક વડવાણીથી બીડ તરફ આવતી મુસાફર રિક્ષાને ટ્રકે ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં પાંચ લોકોનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. મૃતકોની ઓળખ તબબ્સૂમ પઠાણ, રીહાન પઠાણ (૧૩), તમન્ના અબ્જાન પઠાણ (૮), શરો સત્ત પઠાણ અને મદીના પઠાણ (બધા રહેવાસી શાહુનગર, બીડ) તરીકે થઈ છે. રિક્ષાચાલક સિદ્ધાર્થ શિંદે અને તેનો ભાઈ અવિનાશ શિંદે (બંને રહે. ઢેકનમોહા, તા. બીડ) તેમજ મુસાફરો જયબાઈ કદમ (રહે. કાલવાડી), મુજીબ કુરેશી, અશ્વિની ગોવિંદ પોકલે (રહે. દેવલા), ગોરખ ખરચદે ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અકસ્માત સર્જી ટ્રક ચાલક ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. ત્યારબાદ તેણે ખોડકા રાજુરી નજીક ટુ વ્હિલરને ટક્કર મારી હતી. ડ્રાઈવર ગંભીર રીતે ઘાયલ થયો હતો. ત્યારબાદ તેણે લાકડા ભરેલા રિક્ષાને ટક્કર મારી હતી. જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે. થોડા અંતર બાદ ટ્રક પલટી ખાઈ ગઈ હતી અને ડ્રાઈવર ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. રિક્ષામાં ઘાયલ થયેલા બંનેને સારવાર માટે ઔરંગાબાદ મોકલવામાં આવ્યા છે.

# બીજી પુત્રી જન્મતા માતાએ પહેલી પુત્રીની પાણીના ટબમા ડુબાડી હત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૮

રત્નાગીરી જિલ્લાના ચીપલૂણ તાલુકાના વહલ ઘડશીવાડીમાં એક માતાએ તેની એક મહિનાની પુત્રીને ડોલમાં ડૂબાડીને મારી નાખ્યાનીએ કરુણાજનક ઘટના બની છે. છે. માતાની કાર્યવાહીની જાણ ગ્રામજનોને થતાં જ ગ્રામ્ય પોલીસ પાટીલ સાવરડે પોલીસ મથકે દોડી ગયો હતો અને જે બન્યું હતું તે જણાવ્યું હતું. આરોપી શિલ્પા પ્રવિણ ખાપલેની પોલીસે અટક કરી છે. શુક્રવારે ૫ મી માર્ચે શિલ્પાનો સાસુ સાથે પતિ બહાર ગયો હતો ત્યારે શિલ્પાના ઘરમાં કોઈ હતુ નહિ. અને બાથરૂમ પાસે પાણીથી ભરેલા ટબમાં બાળકીને ડૂબાડી દીધી હતી..તેમજ તેણે લેપટોપ પર કામ કરવાનું ચાલુ રાખું હતું જેથી કોઈને આ ઘટના વિશે ખબર ન પડે. પડોશીઓએ ઘર્મા શોધ કરી. છેવટે એક છોકરીએ બાથરૂમમાં પાણી ભરેલા ટબમાં એક છોકરીને જોઈ હતી.. થોડી વાર માટે યુવતી ગભરાઈ ગઈ. ત્યારબાદ બાળકને ટબમાંથી બહાર કાઢવામાં આવી હતી..બાળકી હલનચલન ન કરતા તેને ગામની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. વાલાવલકર હોસ્પિટલમાં બાળકીને મૃત જાહેર કરવામાં આવી હતી.

સાવરદે અને ચિપલુન પોલીસે કલાકોમાં જ આ ઘટનાનો પર્દાફાશ કર્યો હતો.પોલીસના ડર પછી આરોપી શિલ્પા ખાપલેએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તેને બીજી પુત્રી હોવાથી તેણે તેણીને ડૂબાડી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી તેને ચીપલૂન કોર્ટમાં રજૂ કર્યો હતો. આરોપીને પાંચ દિવસના પોલીસ કસ્ટડીમાં રાખવામા આવી છે.

# ફતેપુરના માલધારીના ઘેટાંના મોતથી યોગ્ય મદદરૂપ બનાવા તંત્ર પાસે માંગ



ચક્રવાત ટીમ પાટડી, તા.૦૮

આજ રોજ સુરેન્દ્રનગર જિલ્લાનાં દસાડા તાલુકાના ફતેપુર ગામમાં અંદાજીત ૧૨૦થી ૧૫૦ જેટલા ઘેટાને પોઈઝન ઝેર લાગતા મૃત્યુ પામેલ છે જે ફતેપુરના માલધારીઓ પર આફત આવી પડેલ. છે. આ માલધારીઓને આર્થીક ખુબજ નુકસાન થયેલ છે. રબારી સમાજના અગ્રણી આગેવાન સુરાભાઈ રબારી ફતેપુર એ તાબડતોબ સરકારી તંત્રને જાણ કરી તાલુકા અધિકારી મામલતદાર વિગેરે જાણ કરી યોગ્ય સહાય મદદગાર બનવાની જાણ કરેલ.

# વિશ્વ મહિલા દિવસે વિદ્યાનગરમાં ગર્લ્સ બટાલિયન એન.સી.સી. આણંદ દ્વારા સાયકલ રેલી યોજાઈ



ચક્રવાત ટીમ આણંદ, તા.૦૮

૮ માર્ચ નાં રોજ દર વર્ષે વિશ્વ મહિલા દિન તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. ૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન સી, આણંદ દ્વારા શાસ્ત્રી મેદાન વલ્લભ વિદ્યાનગરથી વાયા ઝાયડસ હોસ્પિટલ, ટાઉનહોલ થઈ શાસ્ત્રી મેદાન ખાતે પરત આ સાયકલ રેલીમાં લગભગ ૧૦૦ કેડેટ બહેનો ભાગ લેનાર છે. મહિલા દિનને મહિલા સશક્તિકરણ કાર્યક્રમ રૂપે ઉજવવાનો આ એક સુંદર પ્રયાસ છે. આ રેલીને ધ્વજ ફરકાવીને રામકૃષ્ણ કેળવણી મંડળનાં સફળ અને સશક્ત સંચાલિકા જ્યોત્સનાબેન પટેલ પ્રારંભ કરાવશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગર્લ્સ બટાલિયન એન સી સી આણંદનાં ઓફિસીયેટિંગ બટાલિયન કમાંડર મેજર કવિતા રામદેવપુત્રા એ કર્યું. આ સાયકલ રેલી માટે ટેકનિકલ સાથ સહકાર આર.કે.સાયકલ એ આપ્યો છે. આણંદ સાયકલિંગ ક્લબનાં વિરેનભાઈનાં સાથ અને સહયોગથી શાસ્ત્રી મેદાન, ગ્રુપ મુખ્યાલય વી વી જ્યોત્સનાબેન પટેલ કે જેઓ એક સશક્ત મહિલા અને સાથે જ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રામકૃષ્ણ મિશન એ ઝંડો લહેરાવી રેલીને નગર, ભાઈકાકા સ્ટેચ્યુ, ટાઉનહોલ, સંકેત સર્કલ, એલિકોન ગાર્ડન, યુનિવ્સિટી સર્કલ થઈ પાછા શાસ્ત્રી મેદાન આ રેલીનો કાર્યક્રમ પૂર્ણ કરાયો છે. તેમના આ કાર્યક્રમમાં સફળતા માટે બટાલિયનનો સમગ્ર ઓફિસ સ્ટેટ સ્ટાફ તથા એ.એન.ઓ.મેજર પ્રતિક્ષા પટેલ, લેફ્ટ.સવિતા યાદવ, લેફ્ટ.કૃતિકા દેવમુરારી, થર્ડ ઓફિસર રેખા મકવાણા, કેરટેકર જિસલ પરમાર, કેરટેકર ખુશી ગોહેલ, સુબેદાર મેજર પ્રકાશ બિર્જે, સુબેદાર હરિશંકર, સુબેદાર કનુભાઈ ઠાકોર, તથા સિનિયર જી સી આઈ પન્ના જોષી અને મિલેટરી સ્ટાફ એ કેડેટ ને સાયકલ રેલી માટે પ્રોત્સાહિત કર્યા છે .રેલી પૂર્ણ થયા પછી કમાંડીગ ઓફિસર દ્વારા કેડેટ ને મેડલ અર્પણ કરીને બિરદાવ્યાં.

# મહિલા સહાયતા સુરક્ષા સંગઠન દીવ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અનોખી ઉજવણી

## ઝૂંપડપટ્ટીમાં રહેતી બહેનોનું ફુલ આપીને સન્માન કરવામાં આવ્યું

ચક્રવાત ટીમ દીવ, તા.૦૮

આપણી સંસ્કૃતિ દરેક દિવસ સ્ત્રીને માન આપવાની વાત કરે છે. સ્ત્રીનો મહિમા ભારતીય સંસ્કૃતિની રગેરગમાં વણાયેલો છે. સ્ત્રી મહાન છે કારણ એ છે કે સ્ત્રી સર્જક છે. સ્ત્રી સિવાય દુનિયામાં સર્જન શક્ય નથી. અને એટલે જ ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે જ્યાં મહિલાઓ પૂજાય છે ત્યાં જ દેવોનો વાસ છે. ઈશ્વર પછી જો વિશ્વની અંદર કોઈને 'સર્જક'ની ઉપમા આપવી હોય તો તે માત્ર અને માત્ર સ્ત્રીને આપી શકાય. મહિલા સહાયતા સુરક્ષા સંગઠન(એમ એસએસએસ) ના સભ્યોએ આજે આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અનોખી રીતે ઉજવવાની પહેલ કરી છે. જે મહિલાઓએ સમાજમાં આગવું સ્થાન મેળવ્યું હોય ઊંચું નામ કર્યું હોય એવી દરેક મહિલાનું સન્માન થવું જરૂરી છે. પરંતુ ઝૂપડપટ્ટીમાં રહેતી અને અનેક કપરી પરિસ્થિતિઓનો સામનો કરીને જે મહિલાઓ સંઘર્ષ કરી રહી છે. અને પોતાનું ઘર પોતાના બાળકો ની સાર સંભાળ લઈ રહી છે તે પણ ખરેખર સન્માનીય છે. માટે મહિલા સુરક્ષા સહાયતા સંગઠન (એમ એસ એસ )ના દરેક સભ્યોએ આજેદિવ ના રબેરી રોડ પર આવેલા ઝુપડપટ્ટી વિસ્તારની બહેનો દીકરીઓ પાસે જઈ તેમની સાથે વાત-ચીત કરી તેમના અનુભવો તેમની તકલીફો, તેમની જરૂરિયાતો વિશે ચર્ચા કરી. ઝૂપડપટ્ટીમાં રહેતી દરેક મહિલા નુ ફૂલ આપી અને સન્માન કર્યુ. આવેલી મહિલાઓને માટેના નાસ્તા ની તેમજ ઠંડા પીણાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. એમએસ ના સભ્યો સાથે વાત કરતાં જાણવા મળ્યું કે એ આ રીતે મહિલા દિવસની ઉજવણી કરીને દરેક સભ્યો એ પણ ખરેખર આનંદ અનુભવ્યો. અને ઝુપડપટ્ટી વિસ્તારની બહેનોએ પણ મહિલા સહાયતા સુરક્ષા સંગઠન નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

આ તકે મહિલા સહાયતા સુરક્ષા સંગઠન ના ભાવનાબેન શાહ, સેજલબેન, સારિકાબેન, ઝોહરાબેન, કલ્પેશભાઈ, છગનભાઈ સોમા, ધવલભાઈ, ધીરજભાઈ, જેન્તીભાઈ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મોરબી ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી



ચક્રવાત ટીમ મોરબી, તા.૦૮

કૃષિ વિજ્ઞાન કેંદ્ર, મોરબી અને આત્મા પ્રોજેક્ટનાં સંયુક્ત ઉપક્રમે વિશ્વ મહિલા દિવસ ઉજવવામાં આવ્યો. જેમાં મોરબી જીલ્લાનાં ખેડુત બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેંદ્રનાં ખેતીવાડી અધિકારી ગમનસિંહ ઝાલાએ સર્વેનું સ્વાગત કરેલ તથા સીનીયર સાયન્ટીસ્ટ અને હેડ ડો. એલ. એલ. જીવાણીએ પધારેલ તમામ બહેનોને આવકાર્યા તથા ખેતી સાથે પશુપાલનનું શું મહત્વ છે તે સમજાવ્યુ અને ડો. હેમાંગીબહેન ડી. મહેતા વૈજ્ઞાનિકએ ખેડુત મહિલાઓને મહિલા સશક્તિકરણ કરવા માટે પ્રેરણા આપેલ તથા મહિલા અને પુરુષ એક સિક્કાની બે બાજુઓ છે જેથી તેનો વિકાસ પણ સમાન રીતે થવો જોઈએ. તથા તેમણે કહ્યુંકે પતિ-પત્ની બંને કમાતા હોય, તો ઘરની આર્થિક સ્થિતી સારી રહે છે. દરેક મહિલાઓએ પગભર રહેવું જોઈએ તથા આત્મનિર્ભર બનવું જોઈએ, ખેતી સાથે સંલગ્ન વ્યવસાય કરવાથી આવકમાં વધારો કરી શકાય છે તેવી માહિતી આપેલ. આ કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટમાંથી દિલીપભાઈ સી. ઝાલરીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનાં અંતમાં ખેતીવાડી અધિકારી વિનુજી ઠાકોરએ આવેલ તમામ બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢ કલેક્ટર ઓફિસમાં ચા ની કેન્ટિન ચલાવતા રસ્મિતાબેન ડાભી પોતાના પરિવારનો સહારો બન્યા



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૮

૮ માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે મનાવવામાં આવે છે આપણા દેશમાં અજય મહિલાઓ છે પોતાના જીવનમાં સંઘર્ષ કરી રહી છે. આવુ સંઘર્ષનું ઉદાહરણ જોવા મળી રહ્યું છે. જુનાગઢ સરદાર બાગ નજીક જિલ્લા પંચાયત કલેકટર ઓફિસ અને પોલીસ અધિક્ષક કચેરી એકસાથે ના અમરેલીમાં આવેલા છે ઓફિસના અધિકારીઓ માટે કમ્પાઉન્ડમાં કેન્ટીનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ કમ્પાઉન્ડ માં રસ્મિતા બેન રામભાઈ ડાભી નામના મહિલા દિવસ પર ઓફિસના અધિકારીઓને ચા પીવડાવી પોતાના પરિવારને આર્થિક મદદ કરી નારી બધા ક્ષેત્રોમાં પોતાના આવડત પ્રમાણે કામ કરી શકે છે એવું સાબિત કરી બતાવ્યું છે . પોતાના જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ વચ્ચે સંઘર્ષ કરી સમાજમાં નારી શક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.. રશિમતાબેને જણાવ્યું હતું કે મહિને દસ થી બાર હજાર રૂપિયા કમાઈ છે.અને જ્યારે અમુક સમયે કોઈ ઓફિસ મા જ્યારે મીટીંગ હોય ત્યારે તેમને નાસ્તો નો પણ ઓર્ડર આપવામાં આવે છે. અધિકારીઓ દ્વારા પણ જણાવાયું હતું કે રસ્મિતાં બેન ને એક ફોન કરતાં ચા આવી જાય છે.ભારત વર્ષ ની નારી ઓ માટે રસ્મીતા બેને એક મોટું સંઘર્ષ નું ઉદાહરણ પૂરું પાડયું.

# ભાજપના જીલ્લા ઉપપ્રમુખ શાંતિલાલ પટેલના પુત્રનો ઓડિયો ક્લીપ વાયરલ

ચક્રવાત ટીમ સંતરામપુર, તા.૦૮

જેમણે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી છે એમના સામે શિક્ષાત્મક પગલાં નહીં લેવામાં આવે તો ભાજપના કાર્યકરો સ્વેચ્છાએ મોટી સંખ્યામાં રાજીનામું આપે તેવી શક્યતાઓ અને લોક ચર્ચાઓ વહેવા લાગી છે જીલ્લા પ્રમુખ દશરથભાઈ બારીઆના મત વિસ્તારમાં ગણાતી ગોઠીબડા જીલ્લા પંચાયત પર ભાજપના ઉમેદવાર દક્ષાબેન પટેલને ટિકીટ ફાળવામાં આવી હતી પરંતુ ભાજપના કાર્યકર શાંતિલાલ પટેલના પુત્રએ તથા બીજા ઘણા બધા ભાજપના કાર્યકરો ભાજપની મદદ છોડીને કોંગ્રેસ પક્ષે મતદાન કરવાની અપીલ કાર્યકરોને કોંગ્રેસના પક્ષે મદદ કરવાની વાતચીત કરતો ઓડિયો ક્લીપ હાલ શોશીયલ મીડીયામાં ખૂબ જ વાયરલ થયો જ્યારે મહીસાગર જીલ્લામાં ભાજપના સમગ્ર કાર્યકરોમાં નારાજગીઓ જોવા મળે છે પરંતુ મહીસાગર જીલ્લા પ્રમુખ તથા મહુડી મંડળ કયા પ્રકારના પક્ષ વિરુદ્ધ પ્રચાર કરવા વાળા માણસો સામે પગલાં લેવામા આવશે કે નહી તે જોવાનું રહ્યું.

જીલ્લા પ્રમુખ દશરથભાઈ બારીઆનો વધુ વાતચીત માટે અમારા પ્રતિનિધિએ દિલીપભાઈ બારીઆએ સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પક્ષના માણસોએ મહીસાગર જીલ્લામાં અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી કરી એવા અગિયાર લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા પરંતુ મહીસાગર જીલ્લામા ભાજપના માણસો ભાજપ વિરુદ્ધ પ્રચાર કર્યો જેમની યાદી મંગાવવામાં આવી છે ભાજપ વિરુદ્ધ પ્રચાર કરનાર દરેકને સસ્પેન્ડ કરવામાં આવશે તેમ જીલ્લા પ્રમુખ દશરથભાઈ બારીઆએ ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું.

# વાંકાનેર માર્કેટિંગ યાર્ડમાં પ્રથમ વખત ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ, યાર્ડ દ્વારા કરવામાં આવેલ રજૂઆત સફળ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૮

વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે આજથી તારીખ ૦૮/૦૩/૨૦૨૦ સોમવારથી ટેકાના ભાવે ચણાની સરકાર દ્વારા ખરીદી શરૂ કરવામાં આવી છે, અત્રે ઉલ્લેખનીય છે કે વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે ચણા ખરીદી કેન્દ્રની ઈતિહાસમાં પ્રથમ વખત ફાળવણી કરવામાં આવી છે.

ગત તારીખ ૧૫/૦૨/૨૦૨૦ ના રોજ વાંકાનેર માર્કેટિંગ યાર્ડ દ્વારા જિલ્લા કલેકટર મોરબી અને નાયબ જીલ્લા મેનેજર ય્જીઝજીઝ ને લેખિત રજૂઆત કરી વાંકાનેર ખાતે સરકારી ચણા ખરીદી કેન્દ્ર શરૂઆત કરવા માંગણી કરવામાં આવી હતી જે રજૂઆતને પગલે વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે સૌપ્રથમ વખત ટેકાના ભાવે ચણાની ખરીદી માટે કેન્દ્રની ફાળવણી કરવામાં આવી છે, જેમાં ખાતા દીઠ રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોના ૫૦ મણ ચણાની ખરીદી રૂ.૧૦૨૦ના ભાવે સરકારી ગાઈડલાઈન મુજબ સરકાર મારફત કરવામાં આવી રહી છે.

# વેરાવળનાં ૮૦ ફૂટ રોડ નજીક રહેણાંક મકાનમાંથી મૃતદેહ મળી આવ્યો



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૮

ગીરસોમનાથ જીલ્લાનાં મુખ્ય મથક વેરાવળમાં આજરોજ પોલીસને મળેલ બાતમી મૂજબ ૮૦ ફૂટ રોડ નજીક સ્વાદ રેસ્ટોરન્ટની બાજુની શેરીમાં વૃંદાવન નામનાં મકાનમાં એ.એમ.નાયર નામનાં વ્યકિત એકલા રહેતા હતા અને ૪-૫ દિવસથી મકાન બંધ રહેતા આસપાર્સના લોકોએ પોલીસને જાણ કરેલ અને પોલીસે નગરપાલીકાના સ્ટાફની મદદથી દરવાજો તોડતા મકાનમાં એક મૃતદેહ ખૂબજ દુર્ગંધ મારતો જોવા મળ્યો અને આ મૃતદેહ પાંચ દિવસ થી વધારે સમયથી પડ્યો હોવાથી તેમા જીવાતો પણ પડી ગયેલ જોવા મળી હતી. ૪-૫ દિવસ અગાઉ મોત થયુ હોવાનુ અનુમાન જણાઈ રહ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ આ મકાનમાં રેયોનના નિવૃત કર્મચારી એ. એમ. નાયર એકલા રહેતા હતા. થોડા સમય પહેલા તેમની પત્નીનું અવસાન થયેલ હતુ અને ૩ દિકરીઓ પણ બહારગામ સાસરે હોવાનુ જાણવા મળેલ છે ત્યારે આગળની વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

# સ્ત્રીઓને આત્મનિર્ભર બનાવવા માટે નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ. દ્વારા ૨૧ સિલાઈ મશીનોનું વિતરણ



ચક્રવાત ટીમ આણંદ, તા.૦૮

વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન (વીએમકેએસ) (નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડની છત્રછાંયા હેઠળની સ્ત્રીઓની સંસ્થા) દ્વારા આણંદ જિલ્લામાં પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારોની સ્ત્રીઓને ૨૧ સિલાઈ મશીનો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારો માટેનાં આવક પુનઃસ્થાપન પ્રોગ્રામ અંતર્ગત, ગ્રામિણ સ્વ રોજગાર તાલીમ સંસ્થાઓ (આરએસઈટીઆઈ) મારફત નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા આણંદ જિલ્લાનાં બોરિયાવી અને સામરખા ગામની સ્ત્રીઓ માટે એક મહિનાનો, મફત 'સિવણ અને દરજીકામ'ના તાલીમ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સની રચના સ્ત્રીઓમાં કૌશલ્યોનું વર્ધન કરવા માટે અને તેઓને આવકનું નિર્માણ કરવા અને આત્મનિર્ભર બનાવવા માટે સક્ષમ કરવામાં આવી રહી છે. આ સ્ત્રીઓની આવકનું નિર્માણ કરવામાં મદદરૂપ થવા દીનદયાળ અંત્યોદય યોજના-નેશનલ અર્બલ લાઈવલિહૂડ્સ મિશન (ડીએવાય-એનયુએલએમ) અંતર્ગત બૃધી (બુલટ રૂરલ એન્ડ અર્બન ડેવલપમેન્ટ બાય હોલિસ્ટિક એન્ટરપ્રોન્યુરલ એજ્યુકેશન) નામનું એક સ્વ-મદદ ગ્રુપ પણ આણંદ જિલ્લામાં રજિસ્ટર કરવામાં આવ્યું છે.

એનએચએસઆરસીએલ દ્વારા પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારો માટે બાંધકામ કૌશલ્ય તાલિમ સંસ્થા (સીએસટીઆઈ) સાથે સહયોગમાં બાંધકામ સંબંધિત તાલીમ પ્રોગ્રામ પણ યોજવામાં આવી રહ્યા છે. સીએસટીઆઈમાં બાંધકામ સંબંધિત તાલીમમાંથી ૩૪ કરતા વધારે તાલીમાર્થીઓ તાલીમ લઈ રહયા છે જેઓ તેમનામાં કૌશલ્યો અને નોકરીની યોગ્યતાઓ વધારી રહ્યા છે. આ પ્રસંગે એનએચએસઆરસીએલનાં મેનેજીંગ ડાયરેક્ટર શ્રી અચલ ખરેએ "એનએચએસઆરસીએલની જમીનની અધિગ્રહણની પ્રક્રિયા માત્ર વળતર, આર એન્ડ આર સહાયતા વગેરે પૂરતી મર્યાદિત નથી, પરંતુ પ્રોજેક્ટથી પ્રભાવિત થતા લોકો માટે કૌશલ્ય વિકાસ, આવક પુનઃસ્થાપન માટે તાલીમ સુધારણા અને રોજગારીનાં પુનઃસ્થાપનનો વિકાસ અને આવક નિર્માણની તકોનો પણ સમાવેશ કરે છે.

# બોટાદમાં રાજપુત ક્ષત્રિય નારી રત્ન સન્માન ૨૦૨૧માં નારી રત્નોને સન્માનિત કરાયા



ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૮

સર્વપ્રથમ બોટાદના આંગણે ક્ષત્રિયાણીઓની જોડી, ભાવેણા ન્યૂઝના તંત્રી તથા આરંભ ઈન્ડિયાના બાપુ મહીપતસિંહ જાડેજા, હરદિપસિંહ ગોહિલ તથા રાજપુત સમાજના પ્રમુખ હર્ષદસિંહ ગોહિલ, વિરમદેવસિંહ ચુડાસમા તથા સમગ્ર સમાજના સાથ સહકારથી ગુજરાતના નારીરત્નોને સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન બાપુ શંકરસિંહજી વાઘેલા, તથા બાપુ રાજદીપસિંહ જાડેજા (રીબડા) તથા બોટાદના એસ.પી. હર્ષદભાઈ મહેતા, કલેટર વિશાલ ગુપ્તાસરે હાજરી આપી બોટાદનો અવસર દિપાવ્યો. બાપુ પ્રદીપસિંહજી જાડેજા અને બાપુ ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા અનિવાર્ય સંજોગો અનુસાર હાજરીના આપી શક્યા તે બદલ શુભેચ્છાપત્ર મળ્યા.

**મેઈન ટીમનું શેડ્યૂલ વ્યસ્ત હોવાના કારણે રાહુલની કપ્તાનીમાં ટીમ-બીને મોકલાશે**

# એશિયા કપ માટે જઈ શકે છે ઈન્ડિયાની ટીમ-બી

નવી દિલ્હી,તા.૮

આ વર્ષે જૂનમાં થનાર એશિયા કપને શ્રીલંકામાં કરાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ગયા વર્ષે કોરોનાને લીધે આ ટૂર્નામેન્ટ સ્થગિત કરાઈ હતી. જૂનમાં ભારતને ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ પણ રમવાની છે.

તેવામાં ભારતની B-લેવલ ટીમને ટૂર્નામેન્ટમાં મોકલવામાં આવી શકાય છે. આ ટીમની કમાન લોકેશ રાહુલને સોંપવામાં આવી શકે છે. T-૨૦ વર્લ્ડ કપના કારણે એશિયા કપ ટૂર્નામેન્ટ પણ T-૨૦ ફોર્મેટમાં જ રમાશે.

ભારતે જૂનમાં ન્યૂઝીલેન્ડ સામે ૧૮થી ૨૨ જૂન દરમિયાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ રમવાની છે. તે પછી ટીમ ઈન્ડિયા ઓગસ્ટમાં ઈંગ્લેન્ડ સામે ૫ ટેસ્ટની શ્રેણી રમશે. તે શ્રેણી સમાપ્ત થતાં જ T-૨૦ વર્લ્ડ કપની શરૂઆત થઈ જશે. તેથી એશિયા કપને જૂનથી આગળ વધારવામાં આવી શકાય નહીં. તેમજ BCCI પાસે સેકન્ડ સ્ટ્રીમ મોકલવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) હવે આ



ટૂર્નામેન્ટને શ્રીલંકામાં કરાવવાનું વિચારી રહ્યું છે. ૨૦૨૦માં આ ટૂર્નામેન્ટ પાકિસ્તાનમાં થવાની હતી. આ માટે BCCIના ઘણા સિનિયર અધિકારી છઝ્ઝઝ સાથે વિન્ડો અને ટૂર્નામેન્ટના શેડ્યૂલ માટે મીટિંગ કરી રહ્યા છે. ૨૦૧૬ની જેમ ફરી એકવાર આ ટૂર્નામેન્ટ T-૨૦ ફોર્મેટમાં રમાશે.

ભારત એશિયા કપ ટૂર્નામેન્ટને ૫૦ ઓવર અને ૨૦ ઓવર બંને ફોર્મેટમાં જીતનાર એકમાત્ર ટીમ છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર જૂનમાં વિરાટ કોહલી, રોહિત શર્મા, ઋષભ પંત, જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા જેવા ખેલાડીઓ ટેસ્ટ ચેમ્પિનશિપની ફાઈનલ અને ઈંગ્લેન્ડ સામેની શ્રેણી માટે તૈયારી કરી રહ્યા હશે. BCCIના એક સૂત્રએ કહ્યું કે, અમે ઈંગ્લેન્ડ સામેની તૈયારીઓ માટે રિસ્ક લઈ શકીએ નહીં. તેથી સેકન્ડ સ્ટ્રીંગ સ્કવોડ મોકલવા અંગે વિચારી રહ્યા છીએ.

# ૨૦૨૬માં આઈસીસી મેગા ઈવેન્ટમાં જોડાશે વધુ દેશો : ટી-૨૦ વર્લ્ડ કપમાં જોડાશે ૧૨ ટીમ

દુબઈ,તા.૮

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ વુમન્સ ડે પર મહિલા ક્રિકેટ સાથે જોડાયેલા દેશોને ભેટ આપી છે. ICCએ કહ્યું કે, ૨૦૨૬થી વર્લ્ડ કપ સહિત તમામ મેગા ઈવેન્ટ્સમાં ઘણી બીજી ટીમો પણ જોડાશે. ગર્વનિંગ બોડીએ સોમવારે વુમન્સ ડેના અવસર પર મહિલા ક્રિકેટને એક્સપાન્ડ કરવા અંગે નિર્ણય લીધો છે.

ICCએ કહ્યું કે, T-૨૦ વર્લ્ડમાં ૨૦૨૬થી ૧૦ની જગ્યાએ ૧૨ ટીમો સામેલ થશે. જ્યારે ૨૦૨૯માં થનાર વનડે વર્લ્ડ કપમાં ૮ની જગ્યાએ ૧૦




ટીમો ભાગ લેશે. ૨૦૨૪માં થનાર T-૨૦ વર્લ્ડ કપમાં ૧૦ ટીમો જ યથાવત રહેશે. તેમજ આગામી ૨ વનડે વર્લ્ડ કપ પણ ૮ ટીમો સાથે જ રમાશે. ICCના ચીફ એક્ઝિક્યુટિવ મનુ સાહનીએ કહ્યું કે, અમે છેલ્લા કેટલાક સમયથી વુમન્સ ક્રિકેટ તરફ મોમેન્ટમ બિલ્ડ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ૪ વર્ષથી અમે ગ્લોબલ બ્રોડકાસ્ટ કવરેજ અને માર્કેટિંગમાં ઈન્વેસ્ટ કરી રહ્યા છીએ, જેથી ફેન્સ મહિલાઓની મેચ પણ જોઈ શકે.

# ક્રિકેટ ધોની બન્યો સર્વશ્રેષ્ઠ ગોપાલક ખિતાબ આપી સન્માનિત કરાયા

(જી.એન.એસ.)રાંચી,તા.૭

ક્રિકેટના ઈતિહાસના મહાન કેપ્ટનો પૈકીના એક અને સર્વશ્રેષ્ઠ ફિનિશર મહેન્દ્ર સિંહ ધોની હવે સર્વશ્રેષ્ઠ પશુપાલક પણ બની ગયા છે. બિરસા કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે આયોજિત એક કાર્યક્રમમાં તેમને પૂર્વીય ભારતમાં પશુપાલન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય અને યોગદાન બદલ સર્વશ્રેષ્ઠ ગોપાલકનો ખિતાબ આપવામાં આવ્યો છે.

મહેન્દ્ર સિંહ ધોની ૪૩ એકરના ફાર્મ હાઉસમાં શાકભાજી, ફળની ખેતી ઉપરાંત ડેરી ફાર્મ ચલાવે છે. શનિવારે બિરસા કૃષિ વિશ્વવિદ્યાલયમાં ચાલી રહેલા પૂર્વ ક્ષેત્ર પ્રાદેશિક એગ્રોટેક ખેડૂત મેળામાં તેમને સન્માનસ્વરૂપે સ્મૃતિ ચિહ્ન અને શાલ આપવામાં આવ્યા હતા. જેનો તેમના પ્રતિનિધિ કુણાલ ગૌરવે સ્વીકાર કર્યો હતો.

રાંચીના કાંકે ખાતે આવેલી બિરસા કૃષિ વિશ્વવિદ્યાલયમાં પૂર્વ ક્ષેત્રના પ્રાદેશિક કૃષિ મેળા અને એગ્રોટેક ખેડૂત મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં જાનવરોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં પહેલી વખત મહેન્દ્ર સિંહ ધોનીના ડેરી ફાર્મની બે ગાય રજૂ કરવામાં આવી હતી.

# શ્રીલંકાને ૨-૧થી હરાવી વેસ્ટ ઈન્ડિઝનો શ્રેણી પર કબ્જો : રસાકસીની મેચ બાદ અંતિમ ઓવરમાં જીત

એન્ટીગુઆ,તા.૮

વેસ્ટ ઈન્ડિઝે શ્રીલંકાને ૩ મેચની T-૨૦ શ્રેણીમાં ૨-૧થી હરાવ્યું છે. રવિવારે એન્ટીગુઆમાં રમાયેલી શ્રેણીની અંતિમ મેચમાં વિન્ડીઝની ટીમે ૩ વિકેટે જીત મેળવી. ૧૩૨ રનનો પીછો કરતા વિન્ડીઝે ૬ બોલ બાકી રાખીને ટાર્ગેટ ચેઝ કર્યો.

ફેબિયન એલેને ૬ બોલમાં ૨૧ રન બનાવીને ફિનિશરની ભૂમિકા ભજવી. અંતિમ ૨ ઓવરમાં જીત માટે ૨૦ રનની જરૂર હતી, એલેને ૧૯મી



ઓવરમાં ૩ સિક્સ મારીને મેચ પૂરી કરી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઊતરેલી શ્રીલંકાની ટીમની શરૂઆત સારી રહી નહોતી. ટીમે ૪૭ રનમાં ૪ વિકેટ ગુમાવી દીધી હતી. ગુનાથિલાકા (૯ રન), પાથુમ નિસાકા (૫ રન), નિરોશન ડિકવેલા (૪ રન) અને કપ્તાન એન્જલો મેથ્યુઝ (૧૧ રન) કઈ ખાસ કરી શક્યા નહોતા.

તે પછી દિનેશ ચંદીમલ અને અશેન બંદારાએ ઈનિંગ્સને સંભાળી. તેમણે લગભગ ૧૦ ઓવર બેટિંગ કરી અને કોઈ વિકેટ પડવા ન દીધી. આ દરમિયાન ચંદીમલે પોતાના_-૨૦ કરિયરની ૫મી ફિફ્ટી મારી. તેણે બંદારા સાથે મળીને ૫મી વિકેટ માટે ૮૫ રનની ભાગીદારી કરી. ચંદીમલ ૪૬ બોલમાં ૫૪ રન અને બંદારા ૩૫ બોલમાં ૪૪ રન બનાવીને અણનમ રહ્યા. વેસ્ટ ઈન્ડિઝ વતી ફેબિયન એલેન, કેવિન સિંકલેયર, જેસન હોલ્ડર, ઓબે મેકોયે ૧-૧ વિકેટ ઝડપી.

# પંતને બાંધી રાખવો ખૂબ જ મુશ્કેલ : ઈંગલેન્ડ કેપ્ટન રુટ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૭

અંતિમ ટેસ્ટમાં સદી ફટકારનાર પંતની ઈંગ્લેન્ડના કેપ્ટન રુટે પણ પ્રશંસા કરી છે. રુટે કહ્યું કે પંતને બાંધી રાખવો ખૂબ મુશ્કેલ છે. તે જે રીતે બેટિંગ કરે છે તે રીતે બોલરોએ તેના પર દબાણ બનાવવું ખૂબ મુશ્કેલ બની જાય છે. તેનું અનુમાન એ રીતે લગાવી શકાય છે કે, તેણે છેલ્લી ટેસ્ટમાં તે બોલર સામે રિવર્સ સ્વીપ શોટ રમ્યો હતો જેણે ટેસ્ટ ક્રિકેટમાં ૬૦૦થી વધુ વિકેટ લીધી છે. આ ખરેખર પંતની ક્ષમતા છે અને તેની હિંમતનું એક ઉદાહરણ છે. હકિકતમાં ઈંગ્લિશ કેપ્ટન પંતના તે શોટનો ઉલ્લેખ કરી રહ્યો હતો, જે તેણે ચોથી ટેસ્ટના બીજા દિવસે જેમ્સ એન્ડરસનની બોલ પર રમ્યો હતો. પંતને પોતાની બેટિંગનો કેટલો વિશ્વાસ છે તેનો અંદાજ મેચ પછીના તેમના નિવેદનમાં લગાવી શકાય છે, જેમાં તેણે કહ્યું હતું કે જો તક મળે તો હું ફરીથી કોઈ ઝડપી બોલર સામે રિવર્સ સ્વીપ રમીશ. ઈંગ્લિશ કેપ્ટને વિરોધી ટીમને દબાણમાં લાવવાની પંતની ક્ષમતાની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે શ્રેણીમાં ઘણા ખેલાડીઓએ સારી બેટિંગ કરી હતી. પરંતુ પંતે આવી પરિસ્થિતિમાં જે રીતે રમ્યો તે શ્રેણીમાં મોટો ફરક પડ્યો.

# આ છે દુનિયાનાં સૌથી મોંઘા લગ્નો, જેમાં ખર્ચ થયો છે અધધ......

**લગ્ન એક એવી વસ્તુ છે જે સમય દરેક વ્યક્તિ યાદગાર બનાવવાનું પસંદ કરે છે. પોતાના લગ્નમાં લોકો આંખો બંધ કરીને પૈસા ઉડાડે છે. એવું નથી કે ફક્ત ભારતમાં જ મોંઘા લગ્ન જોવા મળે છે. પરંતુ દુનિયામાં એવા ઘણા લોકો છે જેમણે પોતાના લગ્નમાં ખૂબ જ ખર્ચ કર્યો છે. આજે અમે તમને દુનિયાના સૌથી મોંઘા લગ્નો વિશે જણાવવા જઈ રહ્યા છીએ. આ લગ્નમાં થયેલ તમે ખર્ચ જાણીને આશ્ચર્ય પામી જશો**



## પ્રિન્સ ચાર્લ્સ અને લેડી ડાયના

બ્રિટિશની રોયલ ફેમિલીના સદસ્ય પ્રિન્સ ચાર્લ્સ અને લેડી ડાયના ના લગ્ન ૧૯૮૧ માં થયા હતા. તે સમયમાં પણ આ કપલે પોતાના લગ્નમાં ભારે ભરખમ રકમ ખર્ચ કરી હતી. સૂત્રો અનુસાર આ લગ્નમાં લગભગ ૧૧૦ મિલિયન ડોલર એટલે કે ૭૯૦ કરોડ રૂપિયા ખર્ચ થયો હતો.



## વનિશા મિત્તલ અને અમિત ભાટીયા

વનિશા લંડનનાં સૌથી મોટા બિઝનેસમેન લક્ષ્મી નિવાસ મિત્તલની દીકરી છે. વનિશાએ વર્ષ ૨૦૦૪ માં અમિત ભાટિયા સાથે લગ્ન કર્યા હતા. આ લગ્ન પેરિસમાં થયા હતા. આ લગ્નમાં લક્ષ્મી મિત્તલે પાણીની જેમ પૈસા ખર્ચ કર્યા હતા. એક અનુમાનનાં આધારે લગ્નમાં અંદાજે ૬૬ મિલિયન ડોલર એટલે કે ૪૭૪ કરોડ રૂપિયા ખર્ચ થયો હતો.



## પ્રિન્સ વિલિયમ અને કેટ મિડિલટન

બ્રિટીશ રોયલ ફેમિલીના પ્રિન્સ અને કેટ નાં લગ્ન પણ ખૂબ જ આલીશાન થયા હતા. આ લગ્નને લોકો આજે પણ યાદ કરે છે. આ બન્નેના લગ્ન ૨૯ એપ્રિલ ૨૦૧૧ ના થયા હતા. આ લગ્નમાં ૩૪ મિલિયન ડોલર ખર્ચ થયો હતો. ભારતીય રૂપિયામાં તેની કિંમત લગભગ ૨૪૪ કરોડ રૂપિયા થાય છે.



## વેન રુની અને કોલીન

વેન રુની એક ફૂટબોલ પ્લેયર છે જ્યારે કોલીન એક ટીવી સેલિબ્રિટી છે. આ બંનેના લગ્ન વર્ષ ૨૦૦૮ માં થયા હતા. તેઓએ પોતાના લગ્નમાં ૮ મિલિયન ડોલર એટલે કે લગભગ ૫૭ કરોડ રૂપિયા ખર્ચ કર્યો હતો.



## ચેલ્સી ક્લીંટન અને માર્ક મેજવિંસ્કી

ચેલ્સી એક અમેરિકી લેખક છે જ્યારે માર્ક એક ઈન્વેસ્ટર છે. આ બંને પોતાના ગ્રાન્ડ લગ્નમાં લગભગ ૫ મિલિયન ડોલર એટલે કે ભારતીય રૂપિયામાં ૩૫ કરોડ રૂપિયા ખર્ચ કર્યો હતો.



## લિઝા મિનેલી અને ડેવિડ ગેટ

લિઝા એક અમેરિકન સિંગર અને એક્ટ્રેસ છે જ્યારે ડેવિડ અમેરિકી ટીવી શોના પર્સનાલિટી અને પ્રોડ્યુસર છે. તેમના લગ્ન ૨૦૦૨ માં થયા હતા અને પછી ૨૦૦૭ માં છૂટાછેડા પણ થઈ ગયા હતા. તેઓએ પોતાના લગ્નમાં અંદાજે ૪.૨ મિલિયન ડોલર એટલે કે ૨૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યો હતો.



## એલિઝાબેથ ટેલર અને લેરી ફોર્ટેસકી

એલિઝાબેથ ટેલર એક એક્ટ્રેસ હતી જ્યારે લેરી કન્સ્ટ્રક્શન વર્કર હતા. બંનેએ વર્ષ ૧૯૯૧ માં લગ્ન કર્યા હતા. ૧૯૯૬માં બંનેના છૂટાછેડા પણ થઈ ગયા હતા. તેમના લગ્નમાં ૪ મિલિયન ડોલર એટલે કે અંદાજે ૨૮ કરોડ રૂપિયા ખર્ચ થયો હતો.



## ઈશા અંબાણી અને આનંદ પિરામલ

ઈશા અંબાણી અને આનંદ પિરામલ ના લગ્ન ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ ના થયા હતા. મુકેશ અંબાણીએ આ લગ્નમાં પાણીની જેમ પૈસા વહાવ્યા હતા. એક રિપોર્ટ અનુસાર મુકેશ અંબાણીએ પોતાની લાડકી દીકરીના લગ્નમાં ૧૦૦ મિલિયન ડોલર એટલે કે લગભગ અંદાજે ૭૧૮ કરોડ રૂપિયા ખર્ચ કર્યો હતો.

### ગાંધીનગર ખાતે 'પટેલ પરિવાર' આયોજિત ચિંતન શીબીરમાં લેવાયેલ નિર્ણય

# ગુજરાતના દરેક ગામ-શહેરમાં 'સરદાર સંસ્કાર કેન્દ્ર' શરૂ કરાશે

**સરદાર પટેલના વિચારોને પાટીદાર સમાજના ઘર-ઘર સુધી પહોંચાડવાનું આયોજન : સમસ્ત પાટીદાર સમાજને વિચારસેતુના માધ્યમથી જોડવામાં આવશે**





### આગામી સમયમાં ગુજરાતનાં દરેક જિલ્લામાં પાટીદાર યુવાનોની ચિંતન શીબીર યોજાશે - જિજ્ઞેશ કાલાવડિયા

ચક્રવાત ટીમ ગાંધીનગર,તા.૮

ગાંધીનગરના સુવિખ્યાત એસ.પી.સી.ટી. સંકુલ ખાતે પટેલ પરિવાર દ્વારા પાટીદાર સમાજના જાગ્રત અને ચિંતનશીલ યુવાનોની ચિંતનશીબીરનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સમાજની વર્તમાન સમસ્યાઓ અને તેના ઉકેલ બાબતે બે દિવસ દરમિયાન વિવિધ વિષયો પર ચર્ચાઓમાં વિચારમંથન કરી સમાજની એકતા અને વૈચારિક ક્રાંતિ માટે ગુજરાતના દરેક ગામ-શહેરમાં 'સરદાર સંસ્કાર કેન્દ્ર' શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગરના એસ.પી.સી.ટી. સંકુલ ખાતે આયોજિત આ બે દિવસીય શીબીરમાં સમાજના બૌદ્ધિકો, અગ્રણીઓએ હાજરી આપીને વિવિધ વિષયો પર ચિંતન કર્યા બાદ સમસ્યાઓનો ઉકેલ અને સમાજના સુચારૂ વિકાસ માટે 'સરદાર સંસ્કાર કેન્દ્ર' શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. 'પટેલ પરિવાર'ના જીજ્ઞેશ કાલાવડીયા, સંજય પટેલ, ચિરાગ પટેલ, ગોપાલ ભુવા અને જીગર પટેલ, ધવલ માકડીયા દ્વારા 'સરદાર સંસ્કાર કેન્દ્ર'ની વિભાવના અગ્રણીઓ સમક્ષ મુકવામાં આવી હતી. જેના પર ચર્ચા કર્યા બાદ તેને અનુમોદન આપવામાં આવ્યુ હતું.

આ ચિંતન શીબીરમાં પોતાના આગવા વિચારો વ્યક્ત કરતા વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ અને પાટીદાર અગ્રણી સી.કે. પટેલે જણાવ્યુ હતુ કે સમસ્ત પાટીદાર સમાજની મજબૂત એકતા માટે આપણે કૃતનિશ્ચયી છીએ. પાટીદાર સમાજ હમેશા લોકોને આપવામાં માને છે. સામાજિક સમરસતા

### સામાજિક સમરસતા એ પાટીદારોનો જન્મજાત ગુણ છે, પાટીદાર સમાજ સમગ્ર રાષ્ટ્રને નેતૃત્વ પુરૂ પાડવા સક્ષમ છે - સી.કે. પટેલ

જે પાટીદાર સમાજનો જન્મજાત ગુણ છે. દરેક વર્ણને સાથે રાખીને હકારાત્મક દિશામાં આપણે આગળ વધવાનું છે. રાષ્ટ્રના વિકાસ માટે દરેક વર્ણને સાથે રાખી મજબુત નેતૃત્વ પુરૂ પાડવા પાટીદાર સમાજ સક્ષમ છે. આ ચિંતન શીબીરમાં ભાગ લેવા પહોચેલા સરદાર પટેલ ગૃપના રાષ્ટ્રિય અધ્યક્ષ લાલજીભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સમસ્ત પાટીદાર સમાજની એકતા માટે 'પટેલ પરિવાર'ની આ પહેલ અભિનંદનીય છે. આવતા દિવસોમાં સરદાર પટેલ ગૃપ 'પટેલ પરિવાર' સાથે ખભે ખભા મીલાવીને સામાજિક જાગૃતિના આ અભિયાનને આગળ વધારશે. પાટીદાર સમાજના દરેક યુવાનોને સરદાર પટેલ જેવા નિડર અને પ્રજાલક્ષી બનવા તેમણે આ તકે હાકલ કરી હતી. પાટીદાર સમાજના બૌદ્ધિક અગ્રણી મગનભાઈ

### સમસ્ત પાટીદાર સમાજની મજબુત એકતા માટેની 'પટેલ પરિવાર'ની પહેલ સરાહનીય - લાલજીભાઈ પટેલ (એસ.પી.જી.)

જાવીયાએ ચિંતન શીબીરમાં પોતાના અનોખા વિચારો રજૂ કરી સમાજના દરેક યુવાનના આર્થિક વિકાસ માટે ઉપયોગી સૂચનો કર્યા હતા અને જણાવ્યુ હતુ કે ગુજરાતના ઔદ્યોગિક વિકાસનું ગ્રોથ એન્જિન પાટીદાર સમાજ છે. લોકશાહીના મુખ્ય આધારસ્તંભો વિષય પર ચર્ચા કરી વાસુદેવભાઈ પટેલે જણાવ્યુ હતુ કે કૂર્મિ સમૂદાયે પ્રાચીન કાળમાં ગણરાજ્યો દ્વારા સાચા લોકતંત્રની સ્થાપના કરી હતી. જ્યારે અત્યારે દેશમાં નામ માત્રજી જ લોકશાહી છે. સાચી લોકશાહી માટે સક્ષમ યુથ મજબૂત બુથના સુત્રને આત્મસાત કરી આપણે કામ કરવુ પડશે. ચિંતન શીબીરમાં પોતાના વિચારો રજૂ કરતા ડો. અનિલ પટેલે જણાવ્યુ હતુ કે પાટીદાર સમાજ એ વૈજ્ઞાનિક અભિગમ અપનાવનારો સમાજ છે.

### માઁ ઉમા-ખોડલ અને સરદાર-શિવાજીની એક સાથે આરાધના થાય તે સમાજની માંગ- ચિરાગ પટેલ

પરંતુ હજુ પણ અનેક સમસ્યાઓ પર કામ કરવુ જરૂરી છે. લગ્ન વિષયક સમસ્યાઓનો સુચારૂ ઉકેલ આપણે શોધવો બહુ જરૂરી છે. ખેતી અને રોજગાર બાબતે તેમણે અમૂલ્ય સૂચનો પ્રસ્તુત કર્યા હતા. પાટીદાર સમાજના દરેક યુવાનને મહિને ૩૦,૦૦૦ કમાવી શકાય તે માટે અજયભાઈ કલોલા દ્વારા એક 'રોજગાર મોડેલ' પાવરપોઈન્ટ પ્રેઝન્ટેસન સાથે રજૂ કરવામાં આવ્યુ હતું. આણંદના ડી.એફ.ઓ. અમૃતભાઈ પટેલ દ્વારા મહિલા સશક્તિકરણ અને સ્ત્રીભૃણ હત્યા બાબતે ખાસ અહેવાલો ચિંતન શીબીરમાં રજૂ કરાયા હતા તથા તેમના પર કામ કરવા તેમજ પાટીદાર યુવાનો-યુવતિઓને સરકારી નોકરીઓમાં થઈ રહેલા અન્યાયને નીવારવા તેમણે 'પટેલ પરિવાર'ને આગળ આવવા અપિલ કરી હતી.

પાટીદાર અગ્રણી ચિરાગ પટેલ દ્વારા પાટીદાર સમાજની મજબૂત એકતા માટે માં ઉમા ખોડલ અને સરદાર શીવાજીની એક સાથે આરાધના કરી શકાય તે પ્રકારે ભવિષ્યમાં કાર્ય યોજના વિશે વાત કરવામાં આવી હતી.

પટેલ પરિવારના મેનેજીંગ તંત્રી જીજ્ઞેશ કાલાવડિયા દ્વારા સમાજની મજબૂત એકતા માટે આગામી સમયમાં ગુજરાતના દરેક જિલ્લાઓમાં આ પ્રકારની ચિંતન શીબીર યોજવામાં આવશે તેવી જાહેરાત કરવાની સાથે-સાથે સમાજના બુદ્ધિધનને એકત્ર કરી વિવિધ વિષયો પર નિષ્ણાતોની કમીટીઓ બનાવવા માટેના આયોજનનો ચિતાર આપવામાં આવ્યો હતો. સમગ્ર ચિંતન શીબીરનું સુચારુ સંચાલન ધવલભાઈ માકડીયા દ્વારા કરવામાં આવ્યું હતુ. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ટીમ 'પટેલ પરિવાર'ના સંજય ખીરસરીયા, મનિષ ઠુમર, પાર્થ સીદપરા, જયદિપ પટેલ, દર્શિત પટેલ, ભાવેશ માખેસણા, હરેશ ડોબરીયા, મેહુલ પટેલ સહિતનાએ જહેમત ઉઠાવી હતી. ગુજરાતના ૨૨ જિલ્લાઓમાંથી પાટીદાર સમાજના એકસોથી વધુ જાગૃત યુવાનોએ આ ચિંતન શીબીરમાં ભાગ લીધો હતો.



### સાચા લોકતંત્રની સ્થાપના માટે 'સક્ષમ યુથ-મજબૂત બૂથ'ની સંકલ્પના જરૂરી -વાસુદેવ પટેલ

### 'પટેલ પરિવાર' મેગેઝિનને ઘર ઘર સુધી પહોંચાડવા મહાઅભિયાન શરૂ કરાશે - સંજય પટેલ

### પાટીદાર સમાજ અંધશ્રદ્ધા અનુ કુરીવાજોથી બહાર આવી વૈજ્ઞાનિક અભિગમ અપનાવનારો સમાજ છે - ડો. અનિલ પટેલ

### ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે થયેલ હરણફાળ પાટીદાર સમાજને આભારી - મનગભાઈ જાવીયા

## હોમ ફોર લર્નિંગ અંતર્ગત શિક્ષકોને ઘરે ઘરે જઈ અભ્યાસ કરાવવા આદેશ

(જી.એન.એસ.)નડિયાદ,તા.૮

ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધો.૧થી ૫માં અભ્યાસ કરતા ભુલકાઓનું શિક્ષણ ન બગડે તે માટે શિક્ષકોને હોમફોર લર્નીંગના ભાગરૂપે ઘરે પહોંચી અભ્યાસ કરાવવાના આદેશ છુટ્યા છે. જેમાં વાલીઓની રજુઆતના પગલે ફળીયામાં આઠથી દસ બાળકોને શિક્ષક અભ્યાસ કરાવશે. શિક્ષણ હબ ગણાતા ખેડા જિલ્લામાં કોરોનાના પગલે છેલ્લા એક વરસથી શિક્ષક વ્યવસ્થા ખોરવાઈ છે. હજુ ગયા મહિને જ સરકારે તબક્કાવાર ધો.૬થી ૧૨નો અભ્યાસ શરૂ કર્યો છે. પરંતુ ધો.૧થી ૫માં અભ્યાસ કરતાં ભુલકાઓની શાળા શરૂ થઈ નથી.

જેને કારણે અભ્યાસ સતત બગડી રહ્યો છે. આથી, શિક્ષણ વિભાગ દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. પ્રાથમિક શાળાના શિક્ષકો માટે શેરી શિક્ષણનો પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વાલીઓ શાળા જઈ રજુઆત કરી શકશે અને જેમની શેરીમાં આઠથી દસ બાળકોને શિક્ષકો ઘરે જઈ અભ્યાસ કરાવશે. ખેડા જિલ્લામાં હોલ ધો.૧થી ૫માં ૧,૨૩,૧૬૧ વિદ્યાર્થી છે. બીજી તરફ ધો.૧થી ૮માં ૭,૫૪૮ શિક્ષકો છે. જેમાંથી ધો.૫મા ધોરણ સુધીના શિક્ષકો ઘરે ઘરે ફરીને અભ્યાસ કરાવશે. ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધો.૧થી ૫માં અભ્યાસ કરતા ભુલકાઓનું શિક્ષણ ન બગડે તે માટે શિક્ષકોને હોમફોર લર્નીંગના ભાગરૂપે ઘરે પહોંચી અભ્યાસ કરાવવાના આદેશ છુટ્યા છે.

## વહેલા ચૂંટણી યોજવાની પાટકરની વાત ફગાવતા સીએમ : સમયે જ યોજાશે ચૂંટણી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૮

પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે વિજય રૂપાણી સરકારના વન મંત્રી પાટકરે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી વહેલી યોજવાનો સંકેત આપ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએઓ વિધાનસભાની ચૂંટણી વહેલી આવશે એ વાતને ફગાવીને કહ્યું છે કે, અમે વિધાનસભાની ચૂંટણી વહેલી કરવા માંગતા નથી અને નિયત સમયે જ ચૂંટણી થશે. ગુજરાતમાં વિધાનસભાની મુદત ડીસેમ્બર, ૨૦૨૨માં પૂરી થાય છે તેથી રૂપાણીએ વિધાનસભાની મુદત ડીસેમ્બર, ૨૦૨૨માં જ યોજાશે એવું સ્પષ્ટ કર્યું છે.આ પહેલાં રમણ પાટકરે કહ્યું હકું કે, પશ્ચિમ બંગાળમાં ભાજપની જીત થશે તો,ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ સમય કરતાં વહેલી યોજાઈ શકે છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં શાનદાર પ્રદર્શન કર્યા પછી હવે ભાજપની નજર ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી પર છે. હવે ભાજપનું લક્ષ્ય ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોમાંથી ૧૪૦ કરતાં વધુ બેઠકો જીતવાનો છે ત્યારે ઉમરગામ ખાતે અભિવાદન સમારોહમાં રમણ પાટકરે આ નિવેદન કરતાં ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ભાજપે મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતોમાં ધાર્યુ પરિણામ મેળવી કોંગ્રેસનાં સૂપડાં સાફ કરી નાંખ્યાં છે ત્યારે આ જુવાળનો લાભ લેવા ભાજપ વિધાનસભાની ચૂંટણી વહેલી યોજી શકે છે તેવો સ્પષ્ટ સંકેત પાટકરે આપ્યો છે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં પાંચ દિવસમાં ભૂકંપના ૧૧ આંચકા અનુભવાયા

(જી.એન.એસ.)કચ્છ,તા.૮

કચ્છમાં આજે વહેલી સવારે ૭.૪૨ મિનિટે ૩.૨ તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્રબિંદુ દુધઈથી ૧૮ કિલોમીટર દુર છે. વહેલી સવારે ભૂકંપનો આવતા લોકોની હરામ થઈ ગઈ હતી અને સુતા લોકો જાગીને ઘરની બહાર દોડી આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂકંપ કચ્છમાં અવારનવાર આવ્યા કરે છે. કચ્છમાં છેલ્લા પાંચ દિવસમાં ૧૧ આંચકા અનુભવાયા છે. સવારે કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેનું કેન્દ્રબિંદુ કચ્છના રાપરથી ૧૪ કિલોમીટર દૂર હોવાનું માલૂમ પડ્યુ હતુ. આ ભૂકંપની તીવ્રતા ૩.૯ રિક્ટર સ્કેલ નોંધાઈ હતી. ભુસ્તરશાસ્ત્રીઓએ કચ્છ મેઈન ફોલ્ટ લાઈન પર કરેલા અભ્યાસ બાદ આ તારણ બહાર આવ્યું છે. આ ફોલ્ટ લાઈન પર છેલ્લા ૧ હજાર વર્ષથી મોટા ભુકંપ આવ્યો ન હોવાથી જમીન ઉર્જા વધી રહી છે. જે ગમે ત્યારે બહાર આવવા માટે મોટો ભુકંપ આવી શકે છે. જેમાં કચ્છના અંજાર અને ગાંધીધામની સાથે અમદાવાદમાં પણ ભયાનક નુકસાન થવાનો અંદાજ છે. નોંધનીય છે કે, કચ્છ યુનિવર્સિટી સંશોધકો અને ગાંધીનગરમાં આવેલી ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજી રિસર્ચ કચ્છ દ્વારા મેઈનલેઈન્ડ ફોલ્ડ લાઈન પર સંશોધન કરવામાં આવ્યું હતું.

આ ફોલ્ટ લાઈન જમીનના પેટાળમાં લખપતથી લઈને ભચાઉ સુધી ૧૫૦ કિલોમીટર જેટલી લાંબી લાઈન છે. ગત્ત મહિને અરેબિયન જર્નલ ઓફ ઓફ જિયો સાયન્સમાં આ અંગેનો અભ્યાસ લેખ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

## રાજકોટમાં વિજ્ઞાન જાથા દ્વારા જ્યોતિષીના ગોરખધંધાનો પર્દાફાશ

(જી.એન.એસ.)રાજકોટ,તા.૮

રાજકોટમાં ૧૦ વર્ષથી દોરા, ધાગા, જ્યોતિષ, મૂળાની વિધિથી ઉતારનું કામ કરનાર જ્યોતિષી અશ્વિન મણીલાલ મહેતાના ગોરખધંધાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે અને તાલુકા પોલીસની મદદથી પર્દાફાશ થયો છે. રાજકોટના વકીલ સાથે છેતરપિંડી કરતાં જ્યોતિષીનો ભાંડાફોડ થયો છે. ત્રણ માસથી નાસતો ફરતો જ્યોતિષી આખરે પકડાતા અને લોકઅપનો અનુભવ થતા બધી જ જ્યોતિષી નીકળી ગઈ છે. લગ્નમાં બે વાર નિષ્ફળ અશ્વિન મહેતાને જ્યોતિષ વિદ્યા કામ આવી નહી. ધોરાજીના વતની અને રાજકોટના ગોપાલનગરમાં રહેતા વકીલ અશ્વિન નાનજીભાઈ ગોહેલને આ જ્યોતિષીનો કડવો અનુભવ થયો હતો.

તેઓએ પોતે આપેલી રકમ પરત માગતા અશ્વિન મહેતાએ ગલ્લાતલ્લા કર્યા હતા. બાદમાં થાય તે કરી લેવાની ધમકી આપી હતી. જ્યોતિષીએ પડકાર આપતા વકીલે રાજકોટના અન્ય પરિવારોને આ જ્યોતિષી છેતરે નહીં તે માટે તાલુકા પોલીસ સ્ટેશન અને વિજ્ઞાન જાથામાં અરજીની નકલ આપી હતી. તાંત્રિક વિધિની વિસ્તૃત માહિતી સાથે જ્યોતિષીને પાઠ ભણાવવાનું નક્કી કર્યુ. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યા સમક્ષ વકીલ અશ્વિન ગોહેલે સમગ્ર હકીકતની જણાવી હતી. બીજા સાથે છેતરપિંડી ન કરે તે માટે રજુઆત કરી. જાથાએ માહિતીના આધારે ખરાઈ કરવાનું નક્કી કર્યુ હતું.




## વિકાસશીલ ગુજરાત : ૭૧ આઈએએસ, ૫૦ આઈપીએસની જગ્યાઓ ખાલી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૮

નોકરીઓ ખુબ જ ઓછા લોકોને મળી છે. તેવામાં આજે વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે જણાવ્યું છે કે, ગુજરાતમાં ૭૧ આઈએએસ, ૫૦ આઈપીએસની જગ્યાઓ ખાલી છે. ૨૩ આઈએએસ, ૨૦આઈપીએસ હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે. સચિવાલયમાં ઉપસચિવ વર્ગ – ૧ની ૯૩ જગ્યા ખાલી છે. સેક્શન અધિકારી વર્ગ – ૨ની ૧૦૭ જગ્યા ખાલી છે. વહીવટી અનુકુળતાએ જગ્યા ભરાશે તેવું સરકારે જણાવ્યું છે. રાજ્ય પોલીસ દળમાં બે વર્ષમાં ૧૧૦૦૦થી વધુની ભરતી કરી છે. સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોરના પ્રશ્નના લેખિત જવાબમાં સામાન્ય વહીવટ વિભાગે જણાવ્યું હતુ કે, રાજ્યમાં ૭૧ આઈએએસ અધિકારીઓની ખાલી જગ્યા હોવાનો સ્વીકાર રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યમાં ૩૧૩ આઈએએસ અધિકારીઓની કુલ જગ્યાઓ મંજૂર થયેલી છે તેમાંથી ૭૧ જગ્યા ખાલી પડી છે. ૨૩ આઈએસ અધિકારીઓ દિલ્હીમાં કેન્દ્રમાં ડેપ્યુટેશન પર ગયેલા છે. આ ઉપરાંત વહીવટી વિભાગે જણાવ્યું કે સચિવાલયમાં ઉપસચિવ વર્ગ ૧ની ૯૩ જગ્યો ખાલી છે. કુલ જગ્યાના ૫૦% જગ્યાઓ ખાલી હોવાનો સરકારે સ્વીકાર કર્યો છે. કુલ ૧૮૬ જગ્યાઓ પૈકી માત્ર ૯૩ જગ્યો ભરાયેલ છે. સેક્શન અધિકારી વર્ગ ૨ ના મંજુર મહેકમના ૧૦૭ જગ્યાઓ ખાલી છે. કુલ ૫૩૫ જગ્યાઓના મહેકમ સામે ૧૦૭ જગ્યાઓ ખાલી છે.




Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)